Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## સમાધિમાર્ગ

ભાઇ, માંગીએ તેવું બધું જ કંઇ થોડું જ મળી જાય છે? ઘણીવાર આપણને લાગે છે કે આ મળ્યું, પણ એ વસ્તુની પેલે પાર રહેલ સત્યને આપણે જાણતા નથી. વસ્તુ જે સ્વરૂપે દેખાય છે તે સ્વરૂપે તે હોતી નથી, કારણ કે દરેક વસ્તુને બાહ્ય અને અંતર્ એમ બે સ્વરૂપ હોય છે. બાહ્ય સ્વરૂપે સુંદર દેખાતી વસ્તુને મેળવીને માનવીનું મન ક્ષણભર આહ્‌લાદથી મત્ત થઈ જાય છે. એ ક્ષણે તો એને એમ જ લાગે કે આનંદનો કુંભ મારે જ હાથ ચઢ્યો છે. પણ પછી ધીરે ધીરે જ્યારે એ વસ્તુના અંતર સ્વરૂપનુ દર્શન થાય, ત્યારે લાગે છે કે અરે, આ આમ કેમ? આ તો જુદું જ નીકળ્યું! મેં આવું નહોતું ધાર્યું! પણ એ વખતે આપણે આ વસ્તુની પકડમાં એવા જકડાઇ ગયા હોઈએ છીએ કે ન તો પ્રેમપૂર્વક એ વસ્તુને ચાહી શકીએ કે ન એ વસ્તુને ઘા કરી ફેંકી શકીએ. અને આ રીતની દ્વિધામાં ઘણાંખરાં જીવન વીતતાં હોય છે એટલે જ્ઞાનીઓ કહે છે: "संयोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा।" સંયોગના મૂળમાં જ દુઃખની પરંપરા છુપાયેલી છે. દુઃખની આ સળંગ શૃંખલામાંથી મુક્ત થવાનો માર્ગ એક જ છેઃ વસ્તુમાત્રનો સંબંધ-મનથી, વચનથી, કાયાથી છોડવો એટલે કે કોચડ અને કરલની પકડમાંથી છૂટેલું કમળ જળની ઉપર આવે છે અને પ્રકાશના કિરણો પામે છે તેમ સંયોગ અને સંબંધની પકડમાંથી મુક્ત થયેલ ચૈતન્ય પણ ઊર્ધ્વગામી થાય છે અને શાશ્વત જ્ઞાનનો પ્રકાશ મેળવે છે.

વસ્તુના રાગમાં પડેલાને તો સંયોગ અને વિયોગની આગ દઝાડવાની જ. અને એ દાઝેલા જીવને તો શાન્તિ કે સમાધિ લાધે જ ક્યાંથી?

—ચન્દ્રપ્રભસાગર

પુસ્તક ૫૬
અંક ૫

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

ફાગણ
સં. ૨૦૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषयानुक्रम


| | | |
|---|---|---|
| ૧. સુભાષિત | | ૫૭ |
| ૨. આત્મપ્રભુપ્રતિ વિનતિ | ( પાદરાકર ) | ૫૮ |
| ૩. ચૈત્યવન્દન ચતુર્વિંશતિકા | ( પં. શ્રી સુશીલવિજયજી ) | ૫૯ |
| ૪. અપ્રમાદનું ફળ | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૬૧ |
| ૫. અણુમૂલા વારસાની વિષમ દશા | ( શ્રી. મોહનલાલ દી. ચોકસી ) | ૬૩ |
| ૬. સત્યમિત્રતાનું સ્વરૂપ | ( અનુ૦ વિ. મૂ શાહ ) | ૬૬ |
| ૭' બંધુમતી | ( જયભિખ્ખુ ) | ૬૯ |
| ૮. સ્વ૰ મુનિરાજશ્રી ભુવનવિજયજી | | ૭૩ |


---


રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ ( સેન્ટ્રલ ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે

૧ પ્રસિદ્ધિસ્થળ—ખારગેટ, ભાવનગર

૨ પ્રસિદ્ધિક્રમ—દરેક મહિનાની પંદરમી તારીખ

૩ મુદ્રકનું નામ–હરિલાલ દેવચંદ શેઠ
કયા દેશના—ભારતીય, ઠેકાણું—આનંદ પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર

૪ પ્રકાશકનું નામ–શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર
કયા દેશના—ભારતીય. ઠેકાણું—ખારગેટ, ભાવનગર

૫ તંત્રીમંડળઃ—શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, શ્રી હરિલાલ દેવચંદ
કયા દેશનાં—ભારતીય ઠેકાણું.—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર


૬ સામયિકના માલિકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

અમે આથી જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે. તા. ૧૩–૩–૫૯

ખીમચંદ ચાં. શાહ
વિઠ્ઠલદાસ મૂ. શાહ
હરિલાલ દ. શેઠ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# सुभाषित

માલિની

दददतु ददतु गालीर्गालिमन्तो भवन्तः वयमपि तदभावाद्गालिदानेऽसमर्थाः ।
जगति विदितमेतद्दीयते विद्यमानं न हि शशकविषाणं कोऽपि कस्मै ददाति ॥

( અનુવાદ )

ધણી ય તમ ખજાને ગાળ, દોને યથેચ્છ,
વિવશ પણ ખમે, ના ગાળ એકેય પાસ;
જગતમહિં જનો સૌ હોય તે ચીજ દેતા,
કદી પણ સસલાનું શીંગ દેતાં સુણ્યા ના.

**વિવરણ**—ક્રોધના અનિષ્ટ પરિણામો વિચાર્યા વિના નિરંતર ગાળોનો વરસાદ વરસાવ્યે જતા મનુષ્યો પ્રતિ નર્મ કટાક્ષથી ઓપતો અને શાંત તથા સચોટ પ્રત્યુત્તર આપતાં આ સુભાષિત કહે છે કે, મનુષ્યો પોતાની પાસે જે ચીજ હોય છે તે જ બીજાને આપી શકે છે, અન્ય નહિ. જેમકે સસલાનું શીંગડું કોઇ માણુસ બીજાને આપી શકતો નથી, કારણુ કે સસલાને શીંગડાં જ હોતા નથી, તેવી જ રીતે અમારી પાસે પણુ ગાળો નથી એટલે અમે તમને ગાળોથી શી રીતે બિરદાવી શકવાના? માટે થાકો નહિં ત્યાં સુધી લેશ પણુ ચિંતા રાખ્યા વિના ગાળોનો વરસાદ વરસાવ્યે જ જજો! ચંડ ક્રોધાગ્નિ ઉપર શીતળ શાંતિજળનું સિંચન કરી ઉચ્ચ જીવનસપાટી તરફ વધવાનો કેવો સુંદર અને સફળ પ્રયત્ન!

'કુમાર'માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્વરૂપાનંદાર્થે તલસતી શુદ્ધવૃત્તિની

# આત્મપ્રભુ પ્રતિ વિનતિ !

મારા પ્રાણજીવન પરમેશ, રસેશ, મહેશ છો !
સ્રષ્ટા નિજ સૃષ્ટિતણા વ્યક્તિ સમષ્ટિના !
ગુણાકર, ગુણાતીત, ગંભીર ગુણે ભર્યા !
આવો નિજ ઘર નાથ, અમીભર્યાં દૃષ્ટિના !

અંતર તાર સિતાર, બજે તુજ સ્મરણના !
ધમકે અંતર તાર પ્રભુ તુજ સૃષ્ટિના !
ભોક્તા નિજગુણ, ભોગી યોગી અદ્‌ભુત હો !
રસના રટે તુજ નામ, સાગર અમી વૃષ્ટિના !

તુજ સ્પર્શે બનું ધન્ય, ઉત્કર્ષ સ્વધર્મના !
અલખ અગોચર શ્રીધર નટવર મુક્તિના !
ધબકે દિલ ધબકાર, રગેરગ ઝંખના !
આતમ છો આધાર, જડે કશી યુક્તિ ના !

નિરંતર નિરાકાર, અલખ લખાય ના !
નિર્મળ પ્રેમળ ધાર, ઝંખું જડે ક્યાંય ના !
ભક્તિ દીપક તેલ, શ્રદ્ધા દિલ કોડિયું !
ટમટમ પ્રકટાવી જ્યોત, છતાં જોવા શક્તિ ના !

અંતર શક્તિ અનુપ, જ્યોતિ પ્રકટાવજો !
શિરમણિ ભક્તિ છાપ, સદા દિલ છાપજો !
તું તો દયાધન દેવ, છાનું તુંથી કાંઇ ના !
અર્પણ 'મણિ'નું જોર, મનામણાં ભક્તિનાં !

પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# चैत्यवन्दनचतुर्विंशतिका ॥

ભાવાર્થકાર-પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી

( ગતાંક પૃષ્ઠ ૪૬થી ચાલુ )

## सप्तम तीर्थंकर—

## श्रीसुपार्श्वनाथजिनेन्द्र—चैत्यवन्दनम् [ ७ ]

( तोटक-छन्दः )

जयवन्तमनन्तगुणैर्निभृतं, पृथिवीसुतमद्भुतरूपभृतम् ।
निजवीर्यनिर्जितकर्मबलं, सुरकोटिसमाश्रितपत्कमलम् ॥ १ ॥

જયવાળા, અનન્તગુણથી ભરેલા, પૃથિવી માતાના પુત્ર. અદ્ભુત રૂપને ધારણ કરનારા, પોતાના પરાક્રમથી કર્મબલને જીતનારા, જેના ચરણકમળમાં કરોડો દેવ નમેલા છે એવા. (૧)

निरुपाधिकनिर्मलसौख्यनिधिं, परिवर्जितविश्वदुरन्तविधिम् ।
भववारिनिधेः परपारमितं, परमोज्ज्वलचेतनयोन्मिलितम् ॥ २ ॥

વાસ્તવિક નિર્મલ સુખના નિધાન, જેને સમગ્ર દુરન્ત વિધિ (કર્મ)ને તિલાંજલી દીધી છે. સંસારસાગરના પારને પામેલા, પરમ ઉજ્જવળ એવી જે ચેતના તેનાથી ઉન્મિલિત-વિકસિત એવા. (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कलधौतसुवर्णशरीरधरं, शुभपार्श्वसुपार्श्वजिनप्रवरम् ।
विनयाऽवनतः प्रणमामि सदा, हृदयोद्भवभूरितरप्रमुदा ॥ ३ ॥

સુવર્ણના સરિખા ઉત્તમ વર્ણવાળા શરીરને ધારણ કરનારા એવા, ઉત્તમ જેનું પાસું છે એવા શ્રી સુપાર્શ્વનાથ જિનેન્દ્રને વિનયથી નમ્ર બનેલા એવો હું હાર્દિક અત્યંત આનંદપૂર્વક સર્વદા પ્રણામ કરું છું. (૩)

## अष्टम तीर्थंकर—

## श्रीचन्द्रप्रभजिनेन्द्र-चैत्यवन्दनम् [ ८ ]

( वंशस्थ-छन्दः )

अनन्तकान्तिप्रकरेण चारुणा, कलाधिपेनाश्रितमात्मसाम्यतः ।
जिनेन्द्र ! चन्द्रप्रभ ! देवमुत्तमम् , भवन्तमेवाऽस्महितं विभावये ॥ १ ॥

મનોહર એવા અનંત કાન્તિના સમુદાયવડે કરીને પોતાની સમાનતાથી ચંદ્રવડે કરીને આશ્રિત એવા અર્થાત્ ચંદ્રના લંછનવાળા હે જિનેન્દ્ર ચંદ્રપ્રભ ભગવાન્ ! આપને જ મારા ઉત્તમ હિતકારી હું માનું છું. (૧)

उदारचारित्रनिधे ! जगत्प्रभो ! तवाननाम्भोजविलोकनेन मे ।
व्यथा समस्ताऽस्तमितोदितं सुखं, यथा तमिस्रा दिनमर्कतेजसा ॥ २ ॥

જેમ સૂર્યના તેજવડે કરીને રાત્રિ નષ્ટ થાય અને દિવસ ઉદય પામે તેમ હે ઉત્તમચારિત્રના નિધાન ! અને હે જગતના નાથ ! આપના મુખરૂપી કમળને જોવાથી મારી સમસ્ત વ્યથા-પીડા વિનાશ પામી અને સુખ ઉદયમાં આવ્યું.

सदैव संसेवनतत्परे जने, भवन्ति सर्वेऽपि सुराः सुदृष्टयः ।
समग्रलोके समचित्तवृत्तिमा, त्वयैव संजाततमतो नमोऽस्तु ते ॥ ३ ॥

સર્વદા સેવામાં તત્પર એવા જન પ્રત્યે સમસ્ત પણ દેવો પ્રસન્ન દ્રષ્ટિવાળા થાય છે અને આપ તો સમગ્ર લોકના પ્રત્યે સમાન ચિત્તવૃત્તિવાળા થયા છો માટે આપને મારો નમસ્કાર હો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપ્રમાદનું ફળ

સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

માણસને તાવ ઉતરી ગયા પછી જેમ અનાજ લેવાની ઉત્કટ રુચિ ઉત્પન્ન થાય છે, પેટમાં જામેલ મળ નીકળી ગયા પછી જેમ જઠરની પીડા શાન્ત થાય છે તેવી રીતે જ્યારે પ્રમાદ દૂર થાય છે ત્યારે માનસિક અને આત્મિક ગુણો ઉત્પન્ન થવા માંડે છે અને જ્યાં ગુણો ઉત્પન્ન થયાં ત્યાં દોષો વિલય પામવાની સાથે મન અને આત્માની દુર્બળતા દૂર થાય છે. પ્રમાદ એ એક આત્માનો રોગ છે, તેની હયાતી રહે ત્યાં સુધી આત્મિક ગુણોનો વિકાસ થતો નથી. આ રોગને દૂર કરવા માટે સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અનંતાનુબંધીની ચોકડી, અપ્રત્યાખ્યાનની ચોકડી, પ્રત્યાખ્યાનની ચોકડી અને સંજ્વલનનો ક્રોધ, એ મોહનીયની સોળ પ્રકૃતિ ઉપશમાવવી કે ખપાવવી જોઇએ. તે પ્રકૃતિઓ ખપે ત્યારે અપ્રમત્તાવસ્થા પ્રાપ્ત થવાની સાથે સાતમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય. નીરોગી અને બળવાન માણસ જેમ સહેલાઇથી ઊંચાણના પ્રદેશમાં ચઢી શકે છે તેમ અપ્રમાદને યોગે બળવાન થયેલો આત્મા સહેલાઇથી ઉપશમ કે ક્ષપકશ્રેણીએ ચઢી શકે છે. સૂક્ષ્મ પ્રમાદ ત્યજવાને પ્રથમ સ્થૂળ પ્રમાદનો ત્યાગ કરવો જોઇએ. શક્તિ સામગ્રી અને અનુકૂળ સમય મળ્યો હોય છતાં ધર્મકરણી કરવામાં ઉપેક્ષા કરવી, આલસ્ય કરવુ, અવશ્ય કરવાની ક્રિયાને અનાવશ્યક માની શુષ્કજ્ઞાની થવું તે સર્વ સ્થૂળ પ્રમાદ છે. અપ્રમાદ દૂર કરી હરરોજ બે વખત આત્મચિંતનની સાથે પાપાલોચન કરવું જોઇએ. પ્રસંગોમાં લાગેલાં પાપને માટે પશ્ચાત્તાપ કરવો. આ કાર્ય નિયમિત રીતે કરવાથી પ્રમાદ દૂર થવાની સાથે મન અને આત્માની સ્વચ્છતા થાય છે. એક દિવસ પણ આલસ્ય કરવાથી અંતઃકરણરૂપ ઘરમાં પાપરૂપ કચરો ભેગો થાય છે અને તેથી આંતરિક ભવ્યતા નષ્ટ થાય છે. આ પ્રસંગે પ્રમાદથી પતિત થએલા એક સાધુનું દષ્ટાંત આપવું ઉચિત જણાય છે.

કોઇ એક મહાત્માની પાસે એક જિજ્ઞાસુએ વૈરાગ્ય ભાવથી સંસારની અસારતાનો ખ્યાલ જાણીને દીક્ષા લીધી. ગુરુએ સાધુની દરેક ક્રિયા યતનાથી કરવાનું તેને શીખવ્યું. શિક્ષાનુસાર જિજ્ઞાસુ શિષ્ય પણ દરેક ક્રિયા અપ્રમાદપણે કરવા લાગ્યો. સવારમાં દોઢથી બે કલાક રાત્રિ શેષ હોય ત્યારે ઉંઘ તજી લોગસ્સ અને પ્રથમ શ્રમણસૂત્રનો કાઉસગ્ગ કરતો. ત્યારપછી આગલે દિવસે જે શાસ્ત્રાભ્યાસ કર્યો હોય તેનો સ્વાધ્યાય પુનરાવર્તન કરતો. ત્યારપછી રાત્રે લાગેલ દોષનું નિરાકરણ કરવાને પ્રતિક્રમણ કરતો. પ્રતિક્રમણ થઇ રહ્યું કે તરત એક બે સ્તોત્રપાઠથી પ્રભુસ્તુતિ કરી દિવસ ઉગતે વસ્ત્ર, રજોહરણ, ગુચ્છો વગેરે દરેક ઉપકરણનું પ્રતિલેખન કરતો. પોતાના અને ગુરૂના ઉપકરણોનું બરાબર સાવચેતીથી પ્રતિલેખન કરી પૂંજી તેને સંકેલી રાખતો. એટલું કામ થયું કે ગુરુની પાસે વિનયપૂર્વક નવીન પાઠની વાંચણી લઇ મૂળ પાઠ કરવા પ્રવૃત્ત થઇ જતો. આહાર–પાણી લાવવાનો વખત થાય ત્યારે પાત્રાં ઝોળી વગેરેનું નિરીક્ષણ કરી ગુચ્છાથી પૂંજી વ્હોરવા, ભિક્ષા લેવા જતો. વધારે ઘરે જવું પડે તેનું કાંઇ નહિ, પણ થોડો એ દોષ ન લાગે તેવી રીતે આહારપાણી વહોરી લાવી ગુરુને આહાર કરાવી પોતે આહાર કરતો. આહારકાર્યથી નિવૃત્ત થયા પછી પુનઃ અભ્યાસ કરવા મંડી જતો. પાછલા પહોરનું પણ પડિલેહણ કરી સાંજે પ્રતિક્રમણ કરતો. ત્યાર પછી પણ પહોર રાત્રિ સુધી સ્વાધ્યાય કરી ધ્યાન ધરતો અને પછી સૂઈ જતો. આવી નિયમિત ક્રિયાથી તેનો દિવસ સહેલાઇથી પસાર થતો. શરીરે કસરત થવાથી શરીર તન્દુરસ્ત અને મન પ્રસન્ન રહેતું અને ગુરુની પણ પ્રતિદિન કૃપા વધતા જતી હતી. કેટલાક વખત પછી આ શિષ્યને ક્રિયા ઉપર કંટાળો આવવા લાગ્યો. રોજ

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને રોજ શું કરવા પડિક્રમણું જોઇએ? પંદર દિવસે કે મહિનામાં એક વાર કર્યું હોય તો શું ન ચાલે? રોજ રોજ શા માટે પડિલેહણ જોઇએ? કયાં લુગડામાં ઉંદર કે સર્પ ભરાઇ જાય છે? આમ કંટાળો આવવાથી થોડે થોડે તેની ક્રિયા મોળી પડવા લાગી. પડિલેહણ કોઇ દિવસે કરે તો ચાર દિવસ ન કરે. ઉઠવાનું પણ અનિયમિત થયું. કોઇ દિવસે પાંચ વાગતે તો કોઈ દિવસે છ વાગતે ઉઠે. પ્રતિક્રમણની પરંપરા પણ તૂટી. ગુરુનો વિનય કરવામાં કે કામકાજ કરવામાં પણ આલસ્ય આવવા માંડયું. આવી અનિયમિતતાથી તેના શરીરની સ્થિતિ અને મનની સ્થિતિ પણ બગડી. જ્યારે ક્રિયાની કસરત થતી હતી ત્યારે ખોરાક બરાબર પચી જતો હતો. પણ હવે પચવામાં કસર આવવા લાગી. વળી વૈરાગ્ય પણ કમી થવા માંડયો. તેથી ખાવાની આસક્તિ વધી. તેની સાથે ઉપવાસ વગેરે તપસ્યા કરતો હતો તે પણ મુકાઈ ગઇ, તેથી જઠરમાં ઝેરનો સંચય થવા લાગ્યો. તેમાંથી બિમારી થઇ. આથી તેનું શરીર ક્ષીણ થવા લાગ્યું. પ્રસંગ જોઇ ગુરુએ પણ તેને શિક્ષા આપવા માંડી. ઉપાશ્રયની જોડે જે એક ગૃહસ્થનો બંગલો હતો, તેને ફરતો બગીચો હતો. બંગલાના શેઠને સ્વચ્છતા ઉપર ઘણો પ્રેમ હતો તેથી શેઠ નોકરો પાસે તે દરરોજ બરાબર સાફસુફ કરાવતો. માળી વૃક્ષો, લતાઓ અને રોપાઓની દરરોજ સારસંભાળ કરતો તેથી બગીચો ઘણો રમણીય લાગતો, થોડા વખત પછી શેઠને પરદેશ જવાનું થયું. બંગલો બંધ થયો. નોકરોને રજા આપવામાં આવી. એક માળીને રક્ષક તરીકે રાખ્યો પણ કહેવત છે કે "ધણી વગરના ઢોર સૂના" એ કહેવત પ્રમાણે માળીની પણ બેદરકારી વધી તેથી અંદરના રસ્તાઓ પાંદડાંથી ભરાઇ ગયાં, બંગલાની ભીંતોમાં બાવા અને જાળાં બંધાઇ ગયાં. લતામંડપ વગેરે સર્વ રચના અસ્તવ્યસ્ત થવા લાગી. એક વખત પેલા ગુરુ શિષ્યને શેઠના બગીચામાં લઇ ગયાં. ત્યારે શિષ્યે ગુરુને પૂછ્યું કે આ બગીચાની આગળ આટલી બધી સુંદરતા હતી તે કયાં ગઈ? આના રસ્તામાં એક પાંદડું પણ રહેતું નહિ તેને બદલે આજે ચારે તરફ ઘાસ-પાંદડાં અને કચરો ભરાઇ ગયો છે. બેઠકોનું પણ ઠેકાણું નથી. લતામંડપો પણ બધા વિખરાઇ ગયા છે. કેટલાંએક ઝાડના મૂળમાં ઉધઇનાં પડ બાઝી ગયાં છે. કેટલેક સ્થળે ઉંદર વગેરેએ ખોદેલાં દરો ઉપર માટીના ઢગલા પડ્યા છે. ઠામઠામ જાળાં જાંખરા બંધાઈ ગયા છે! અહો! જે બાગ એક વખત નંદનવન જેવો અતિરમણીય દેખાં દેતો હતો તે આજે છિન્નભિન્ન દશામાં કેવો વિચિત્ર લાગે છે! આટલું સાંભળી ગુરુમહારાજે શિષ્યને જવાબ દીધો. હે ભદ્ર! બીજાના દોષો દેખવા કે કાઢવા સહેલા છે, પણ પોતાના દોષ તરફ કોઇ જુએ છે? તું તારા શરીર તરફ નજર કર કે તે કેવું ખરાબ થઇ ગયું છે! આજે તને ખોરાક પચતો નથી. જીર્ણ જ્વર પણ આવી જાય છે. ચ્હેરો ફિક્કો થઇ ગયો છે. લોહીમાંથી લાલાશ નીકળી ગઇ છે, આનું કારણ શું' તેનો તને વિચાર થાય છે? શિષ્યે કહ્યું-મહારાજ! વિચાર તો થાય છે પણ તેનો શો ઉપાય? એ તો શરીરનો ધર્મ છે. દેહના દંડ દેહને ભોગવવા. ગુરુએ કહ્યું, હે ભાઇ! આમાં દેહનો દોષ નથી, પણ તારો પોતાનો જ દોષ છે. બગીચાની અને તારા શરીરની સ્થિતિ લગભગ સરખી થઇ છે. આ બગીચાનો માલીક હાજર હતો ત્યારે તે નિયમિત રીતે સાફસુફ થતો હતો, અને રમણીય લાગતો હતો. પણ માલીક હમણાં પરદેશ ગયો છે. પછવાડે માણસો સારી સંભાળ કરતા નથી તેથી તેની સ્થિતિ ખરાબ થઇ ગઇ છે. તેમ તું પણ પ્રથમ નિયમિત રીતે દરેક ક્રિયા કરતો તેથી તારું શરીર સુંદર રહેતું હતું. કેટલાક વખતથી તેં ક્રિયાઓ કરવામાં પ્રમાદ કરવા માંડયો. આ ક્રિયાઓની દરરોજ શું જરૂર છે? એ ન કરીએ તો એથી શું નુકશાન છે? એમ ધારી તને તે ઉપર કંટાળો આવ્યો અને બધી ક્રિયાઓ લગભગ મૂકી દીધી, તેનું ફળ તને મળ્યું, જે તું આજે અનુભવે છે. જો નિયમિત રીતે ક્રિયા ક્રમપૂર્વક ચાલુ રાખી હોત તો આલસ્ય કે જે એક આત્માનો દુશ્મન છે તેનો પ્રવેશ થાત નહિ. દરરોજ પાપનું આલોચન થવાથી મન પણ સાફ રહેત અને તેથી વૈરાગ્ય દશા પણ જાગ્રત રહેત. વૈરાગ્ય તાજો રહેવાથી ખાવાની આસક્તિ વધત નહિ અને અપચો કે જીર્ણ જ્વર પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અણમૂલા વારસાની વિષમ દશા!!

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

**જેસલમેર**

આપણા પૂર્વજોએ, દીર્ઘદર્શિતાથી ભારતના અંગ તરિકે અને સ્વપરનું શ્રેય જે દ્વારા સધાય એ માટે ભારતના જૂદાજૂદા ભાગમાં જે વારસો નિર્માણ કરેલો છે એ આજે વિષમ દશામાં આવી પડેલ જોઈ હૃદય ખિન્નતા અનુભવે છે. આ વારસો કળા-કારીગરીના રમણિયધામ સમા, ભિન્ન ભિન્ન સ્વાંગ ધરતા અનુપમ દેવમંદિરોનો છે. કેટલાકની પાછળ તો ઇતિહાસના અંકોડા સંકળાયેલા છે જ્યારે બીજામાં ચમત્કારપૂર્ણ વાતોના તાણા-વાણા વણાયેલા છે. મોટા ભાગે આજે આપણા ધનવ્યયની દિશા કયાં તો ઉપધાન તપ, નવા મંદિરોની પ્રતિષ્ઠા કે સ્નાત્ર-અભિષેક આદિના કાર્યોમાં ફંટાઇ છે. જરા કડકાઇથી કહીએ તો ધનનો ઉપયોગ ભરતામાં ભર્યા જેવો થઇ ગયો છે. દેવદ્રવ્ય તરિકે ઓળખાતી લક્ષ્મી પણ ઉપર વર્ણવેલ ધામ માટે નહીં જેવા પ્રમાણમાં વપરાય છે. એનો મોટો ભાગ કયાં તો પત્થર તોડી આરસ નંખાવવામાં અથવા તો કીમતી દાગીના વસાવવામાં થાય છે! પરિણામ એ આવ્યું છે કે ઉપર વર્ણવેલ અણમૂલો વારસો દિનપ્રતિદિન બિસ્માર દશામાં આવી રહ્યો છે અને એ માટે કયાં તો શેઠ આણંદજી કલ્યાણજી જેવી સંસ્થા અગર તો એકાદી કેંદ્રસ્થ સંસ્થા એ તરફ ધ્યાન નહીં આપે તો જતાં દિવસે એ હાથમાંથી સરી જશે, કયાં તો નષ્ટપ્રાય બની જશે, અથવા તો સરકારી અંકુશ એ ઉપર આવશે. તાજેતરમાં જેની યાત્રા કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલ છે-એવા **જેસલમેર** સંબંધી થોડીક વિચારણા કરીએ.

આ નગરમાં પૂર્વકાળે જૈનોની જે વિપુલ વસ્તી હતી તે નથી રહેવા પામી. વળી કોઇ ધંધાનું ક્ષેત્ર પણ ન ગણાય. આમ છતાં કળાના ધામ સમા મનોહર આઠ દેવાલય કિલ્લામાં આવેલા છે. વળી તાડપત્રનો પ્રાચીન જ્ઞાનભંડાર પણ છે. મંદિરોમાં સંખ્યાબંધ વીતરાગ પ્રતિમાઓ કે જેની સંખ્યા પાંચથી છ હજારના આંકે પહોંચે છે. તે વિવિધવર્ણમાં અને નાના મોટા આકારમાં વિરાજમાન છતાં પૂજકો **નથી**! કેવળ પૂજારીના ભરોસે પૂજા વિ. નું તંત્ર ચાલે છે! આ **સ્થિતિ** છતાં વહીવટકર્તાઓ મૂર્તિ બહાર આપવા તૈયાર **નથી**! બીજી તરફ નવિન બિંબો ભરાવવાના મોહમાં આ તરફ ખાસ લક્ષ્ય પણ અપાતું **નથી**! વળી આ સ્થાન ખૂણે પડી ગયુ હોવાથી ખાસ મોટી આવક પણ થતી નથી! જો કે અહીંથી પાકીસ્તાનની હદ બહુ દૂર ન હોવાથી તાજેતરમાં ડામરની સડક બની રહી છે અને અહીં આવવામાં પહેલા જેવી મુસ્કેલી પણ નથી રહેવા પામી છતાં બીજી રીતે ઠીક ઠીક ધનવ્યય કરતાં જૈનો આ તરફ ઘણા ઓછા પ્રમાણમાં આવે છે. અમદાવાદથી મારવાડ જંકશન જતી ટ્રેનમાં જોધપુર માટે ખાસ ડબ્બો રહે છે. જોધપુરથી પોકરણ સુધી બ્રાંચલાઇન છે. પોકરણથી જેસલમેરની બસ સર્વિસ છે જે બોંતેર માઇલનો પંથ કાપવામાં ત્રણ કલાક લ્યે છે. એક રાતે અમદાવાદથી સવારના સવા આઠના દિલ્હીમેલમાં નીકળનાર યાત્રી રાત્રિના સાડા આઠે

---

આવત નહિ. આજે જે શારીરિક કષ્ટ ભોગવવું પડે છે તેવો વખત આવત નહિ, માટે હે ભદ્ર! માળીની અનિયમિતતા અને પ્રમાદના વશથી જેમ બગીચાની દુર્દશા થઇ છે, તેમ તારા પ્રમાદથી તારી પણ દુર્દશા થઈ છે.

ગુરુના હિતબોધે શિષ્યના મન ઉપર ઘણી ઊંડી અસર કરી. તે જ દિવસથી શિષ્ય પુનઃ નિયમિત ક્રિયા કરવા લાગ્યો તેથી તેનું શરીર અને મન બંને સુધરી ગયાં-આ અપ્રમાદની ખૂબી છે.

(ભાવના-શતકમાંથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોધપુર અને ત્યાંથી સાડા દશે ટ્રેન પકડી બીજી સવારે પોકરણ અને બસ દ્વારા અગીયાર પૂર્વે જેસલમેર આવી પહોંચે છે. કિલ્લાનો ચઢાવ તદ્દન સ્હેલો છે. યાત્રા કરવામાં કોઈ જાતની મુસ્કેલી આવતી નથી. યાત્રાળુઓનું આગમન વધવા પામે તો વર્તમાન દશામાં ઘણો જ ફેર પડે. વળી આ ધામ નજરે જોયા પછી ધન વ્યય ક્યાં અને કેવી રીતે કરવો આવશ્યક છે એ પણ સમજાય.

અહીં વસતા ધનિકોમાંનાં એકનું ઉદાહરણ એ કારણે રજૂ કરવામાં આવે છે કે-જેથી ધર્મપ્રેમ-રાજભક્તિ આદિ ગુણો વિષે આપણા એ પૂર્વજો કેવી મહત્તા ધરાવતા હતા તેનો ખ્યાલ આવે.

રાંકા ગોત્રની અટકવાળા શેઠ કુટુંબમાં મોહણસિંહ થયા. સાહસના બળે લક્ષ્મી સંપાદન કરી. તેમને ધન્નાશાહ અને અજયસિંહ નામના બે પુત્રો થયા. એક તરફ પરિવાર વૃધ્ધિ થતી ચાલી અને લક્ષ્મી દેવીની લીલા પણ વિસ્તરી રહી. પોતાના નગરમાં આવો આગેવાન વેપારી છે. અને જરૂર પડયે ધનના ઢગલા કરી નાંખી આંટ જાળવે તેવો શ્રીમંત છે એ જાણી લક્ષ્મણસિંહ મહારાજે એમને માનપૂર્વક તેડાવી, સારી રીતે આદરસત્કાર કરી રાજમાન્ય બનાવ્યા. એ રીતે રાજવી તેમજ મોહણસિંહ વચ્ચે સ્નેહગાંઠ મજબૂત બનતી ચાલી. ધન-ધાન્યના સદ્ભાવવાળા એ સમયમાં ત્યાં વિચરતા ખરતરગચ્છીય શ્રી જિનવર્ધનસૂરિ પધાર્યા. પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો વ્યય કરી ધર્મ-પ્રભાવના કરવાના હેતુથી મોહણસિંહે રાજવી પાસેથી સુંદર સ્થળ પસંદ કરી જગ્યા મેળવી, એ ઉપર રમણિય દેવાલય બંધાવ્યું અને પધારેલા સૂરિજીના વરદ હસ્તે એમાં ધામધૂમપૂર્વક કરુણાનિધાન શ્રી શાંતિનાથ તીર્થંકરના મનોહર બિંબનો પ્રતિષ્ઠા કરાવી. સારાયે નગરમાં જયજયકાર થયો. જૈનધર્મની પ્રભાવના વિસ્તરી. સંઘના અન્ય ભાઇઓમાં આ પ્રસંગ નિરખી એવી તીવ્ર ભાવના ઉદ્ભવી કે તેઓએ ફાળો કરી બીજું એક મંદિર બંધાવ્યું. પ્રતિષ્ઠા ટાણે ખરતરગચ્છીય શ્રી સાગરચંદ્રસૂરિજીને આમંત્રણ કર્યું. એ નવીન પ્રાસાદમાં પુરુષાદાની શ્રી પાર્શ્વનાથની મૂર્તિ પધરાવી. આ રીતે રાજપૂતાનાના એકાંત ભાગમાં પડેલા નગરમાં રાજા અને પ્રજાના સુમેળથી આનંદના પૂર વહી રહ્યા. આજે પણ એ મંદિરો પૂર્વકાળની કીર્તિગાથા ઉચ્ચારતા ઊભા છે.

'વીર સુણો મોરી વિનતિ' નામનું સુંદર ને ભાવવાહી સ્તવન ઉપાધ્યાય સમયસુંદરજીએ જેસલમેરના કિલ્લામાં આવેલા શ્રી મહાવીરસ્વામીના દેવાલયમાં બેસી આંતરિક ઉલ્લાસથી રચેલું છે, જે વાત પ્રાંતભાગે આપેલા કળશ પરથી પુરવાર થાય છે.

મુખ્ય દેવાલય શ્રી પાર્શ્વનાથનું છે જેમાં બાજુના દરવાજેથી પ્રવેશી જોડેના શ્રી સંભવનાથના દેવાલયમાં જવાય છે. એની હેઠળના ભાગમાં જે પ્રાચીન તાડપત્રની પ્રતોવાળો જ્ઞાન-ભંડાર છે તે અવશ્ય નિહાળવા યોગ્ય છે. આપણા પૂર્વજોએ જે સમયમાં આજના જેવા સંરક્ષણના સાધનો નહોતા, વળી જે કાળે એકધારી શાંતિ ઘણા ઓછા પ્રમાણમાં ટકી રહેતી અને જોતજોતામાં નહીં જેવા કારણે કયાં તો પડોશી રાજવીઓમાં યુદ્ધના ઢોલ વાગતા અથવા તો બહારથી ચઢી આવતા યવનોના હુમલા થતાં, એવા કપરા સમયે જ્ઞાનરૂપી મહામૂલા ધનને સાચવવા સારૂ કેવી સુરક્ષિત ને પહેલી તકે નજરે ન ચઢે, વળી જ્યાં કીડા કે ઉધાઈ પહોંચી ન શકે એવી ગોઠવણ કરેલી એનો ખ્યાલ નજરે જોયા વિના ન જ આવી શકે. જો કે આ ભંડારમાંથી જૂદા જૂદા પ્રસંગે કેટલીક મહત્ત્વની પ્રતો ઉપડી ગઈ છે આમ છતાં 'ભાંગ્યું તોયે ભરૂચ' એ જનવાયકા મુજબ જે સંગ્રહ મોજુદ છે એ પણ અતિ મહત્ત્વનો છે. એમાંનાં થોડાંકના દર્શન કરી આપણા રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ જે ગૌરવભરી વાણી ઉચ્ચારેલી તે જૈન સમાજને જેમ શોભારૂપ છે તેમ એ પાછળ ધન ખરચી એનો સત્વર ઉદ્ધાર કરવામાં દત્તચિત્ત બનવા માટે ચીમકીરૂપ પણ છે જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પુરાણા વારસાની સંપૂર્ણ વિગતવાર નોંધ પૂજ્ય શ્રી આગમપ્રભાકર **મુનિશ્રી** પુણ્યવિજયજી- એ તૈયાર કરેલી છે. એમાંની કેટલીક જીર્ણ પ્રતોના ફોટ. પણ લેવડાવ્યા છે. અને નોંધ સૂચીપત્રરૂપે લગભગ છપાઈ રહેવા આવી છે. એટલે હાલ તો આ ભંડાર યથાર્થ પ્રમાણમાં વ્યવસ્થિત અને સુરક્ષિત બનેલ છે. આ મહત્ત્વના કાર્યમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો સહકાર અને શ્રી ગોડીજી જ્ઞાનભંડાર આદિની સહાય સારા પ્રમાણમાં પ્રાપ્ત થયેલ છે. આ સર્વ વર્ણવવાનો આશય તો એક જ છે કે બીજે માર્ગે ધન ખરચતો જૈનસમાજ આવા મહત્ત્વના સ્થળની યાત્રા કરતો થાય. યાત્રિકોને આ જ્ઞાનભંડાર જોવાની ઇચ્છા હોય તો બતાવાય છે.

આ ઉપરાંત તળેટીમાં વસેલા ગામમાં પણ દહેરા છે. યતિના ભંડારો છે. ત્રણ માઇલ દૂર **અમરસાગર** નામ વિશાળ સરોવરકાંઠે ત્રણ મંદિરો છે, એમાંનું એક તો કારીગરી ને મનોહરતાથી એટલું અદ્દભૂત છે કે એને પ્રત્યક્ષ નિરખ્યા વિના એ પાછળ ભક્તિનો પારો કેટલો ઊંચે પહોંચ્યો હશે તેનો ખ્યાલ ન આવે. એ જ પ્રમાણે દશ માઇલ દૂર આવેલ. લોદ્રવા ગામ પણ યાત્રાળુઓ માટે તીર્થધામરૂપ છે. જવા સારૂ સાધન મળે છે. અહીં **થીરૂશાહે** બંધાવેલ અનોખી કારીગરીવાળું સહસ્ત્રફણા પાર્શ્વનાથની અદ્દભુત પ્રતિમાવાળું રમણિય દેવાલય છે. અસલ આ રાજધાનીનું નગર હતું. ચઢતી ત્યાં પડતી. એ તો કુદરતી નિયમ. એ સામે માનવ પ્રયત્ન કારગત ન થાય. આમ છતાં આવા સ્થાનોની સ્પર્શના એ જીવનમાં કોઈ અનેરો બોધપાઠ આપી જાય છે, એમાં બે મત નથી જ.

**नीरं निर्मलशीतलं कटुतरं स्यादेव निम्बादिषु,**
**दुग्धं सर्पमुखादिषु स्थितमहो जायेत तीव्रं विषम् ।**
**दुश्शीलादिषु संगतं श्रुतमपि प्राप्नोत्यकीर्तिं परां,**
**धन्योऽयं विनयः कुपात्रमपि यः संभूषयेन्नित्यशः ॥**

લીંબડામાં નાખેલું નિર્મલ અને શીતલ એવું જળ અત્યંત કડવું બને છે. સર્પના મુખમાં ગયેલું દૂધ તીવ્ર વિષને ઉત્પન્ન કરવાવાળું થાય છે અને દુઃશીલ પુરુષોમાં રહેલું શ્રુતજ્ઞાન અપકીર્તિ કરાવનારું થાય છે. માત્ર વિનય એક જ ધન્યવાદને પાત્ર છે; કારણ કે તે કુપાત્રને પણ સર્વદા શોભાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય મિત્રતાનું સ્વરૂપ

અનુ૦ વિ. મૂ. શાહ

( ગતાંક પૃષ્ઠ ૪૯ થી શરૂ )

જે મનુષ્ય મિત્રતાની કિંમત સમજે છે તેણે પોતાના મિત્રોની સાથે પૈસા સંબંધી વ્યવહાર કરવામાં સંભાળ રાખવી જોઇએ, અને મિત્રો પાસેથી પૈસા ઉછીના લેવામાં પણ ખાસ સાવધ રહેવું જોઇએ. મનુષ્ય સ્વભાવનું એક ખાસ લક્ષણ છે કે કેટલાક લોકો આપણા માટે સર્વ કાર્ય કરવા તત્પર હોય છે અને આપણે તેઓની પાસે પૈસા સિવાય બીજા કોઇ પણ અનુગ્રહની માગણી કરી શકીએ છીએ, છતાં આપણે મિત્રતા અથવા વિશ્વાસ ગુમાવતા નથી. પૈસાની માગણી કર્યા પછી ઘણા લોકોને શોચ કરવો પડે છે, કેમકે માગણી પ્રમાણે તેઓને પૈસા આપવામાં આવે છે તો પણ તે આપ્યા પછી હૃદયભાવ હંમેશાં એક જ પ્રકારનો રહેતો નથી. કેટલાક લોકોની એવી પ્રકૃતિ હોય છે કે તેઓ પોતાના મિત્રોને પૈસા ઉછીના આપે છે, પરંતુ પાછળથી તેઓને માટે અમુક પ્રકારની તિરસ્કારની લાગણી પેદા થાય છે. ખરું કહીએ તો મિત્રો વચ્ચે આ પ્રમાણે બનવું જોઈએ નહિ, પરંતુ આમ બનતું આપણે વ્યવહારમાં જોઇએ છીએ. વળી કેટલાક લોકો એવા હોય છે કે તેઓ પૈસા સંબંધી ઐહિક સહાયની માગણીને ક્ષંતવ્ય ગણી શકતા નથી. ગમે તેમ પણ આ ઘટના સત્ય મિત્રતાના સ્વરૂપથી વિરુદ્ધ છે. કદાચ તમે એમ કહેશો કે ખરેખરી મિત્રાચારી હોય ત્યાં આ વાત સંભવે જ નહિ, પરંતુ આપણામાંના ઘણાખરાને આ બાબતમાં કડવો અનુભવ થયો હોવો જોઇએ. અને એમ હોય તો ઉપરોક્ત વિધાન કરવામાં કશો વાંધો નથી. આપણે માગેલ મદદ અથવા પૈસા કદાચ આપણા મિત્રોએ આપણને આપ્યા હશે તો પણ બંનેના સંબંધમાં કંઇક સ્ખલના અદૃશ્ય રીતે પણ પરિણમી હશે જ.

આજકાલ એક નવિન જાતની મિત્રતાનો પ્રચાર વધતો જાય છે તે વેપાર સંબંધી મિત્રતા છે. આ પ્રકારની મિત્રતાનો અર્થ આર્થિક લાભ સિવાય બીજો કંઇ થતો નથી. આ મિત્રતા જોખમ ભરેલી છે. તે બન્નેનો સ્વાર્થ સાધવાના હેતુથી બંધાય છે. દેખાતી રીતે આ મિત્રતા એટલી બધી ગાઢ લાગે છે કે સત્ય અને અસત્ય મિત્રો વચ્ચેનો તફાવત પારખવાનું કામ મુશ્કેલ થઇ પડે છે.

એક માણસમાં સાચી મિત્રતા કરવાની શક્તિનો સંપૂર્ણ અભાવ છે, છતાં પોતાનો સ્વાર્થ સાધવા માટે લોકોની સાથે તે એવો સંબંધ રાખે છે કે દરેક માણસ તેનો ખરો મિત્ર હોય એમ જોનારને લાગે છે. તેને પહેલી જ વાર મળનાર કોઇ અપરિચિત મનુષ્ય પણ એમ ધારી લે છે કે પોતાને એક ખરેખરો મિત્ર મળ્યો છે, પરંતુ પેલો માણસ પોતાના મિત્રને નુકશાન કરવાથી પોતાનો સ્વાર્થ સધાતો હોય તો પ્રસંગ મળે કે તરત જ લેશ પણ સંકોચ કે વિલંબ વગર તેનું અહિત કરવા તત્પર બને છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે માણસ સ્વાર્થદૃષ્ટિથી દરેક વસ્તુને જુએ છે તેને કોઇની સાથે સાચી મિત્રતા સંભવી શકે નહિ. જગતમાં એવા અનેક માણસો દૃષ્ટિએ પડે છે કે જેઓ મિત્રતાને વેપારનું સાધન બનાવે છે. તેઓમાં વિલક્ષણ પ્રકારનું આકર્ષણબળ રહેલું છે. જે વડે બીજા લોકો તેઓ તરફ તુરત જ આકર્ષાય છે. આ દરમિયાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ ધીમે ધીમે પ્રપંચજાળ પાથરે છે. જેમાં તેઓના મિત્રો છેવટે સપડાઈ જાય છે. ઇચ્છીત સ્થિતિએ પહોંચવા માટે બીજા લોકોને એક સોપાન તરીકે ઉપયોગ કરી તે સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી તે સોપાનને નીચે હડસેલી મૂકવી તે તિરસ્કારને પાત્ર છે. અમુક વ્યક્તિની સાથે મૈત્રી કરવાથી મને અત્યંત લાભ થશે, મારો વેપાર ધમધોકાર ચાલશે, મારી આબરૂ તથા સત્તા વધશે, મારે ત્યાં વધારે ગ્રાહકો આવશે એવા સ્વાર્થમય હેતુથી મૈત્રી કરવાની ટેવ ભયંકર છે. કેમકે તેથી સત્ય મિત્રતા કરવાની શક્તિનો હ્રાસ થાય છે. જેઓ આપણને આપણી ખાતર ચાહે છે અને આપણે જરૂર હોય ત્યારે જેઓ સુખ, સમય, સ્વાર્થ અને સંપત્તિનો ભોગ આપવા તૈયાર હોય છે તેઓની મૈત્રી અત્યંત આનંદપ્રદ છે.

સિસેરો કહેતો કે આ જગતમાં મનુષ્યોને મિત્રતા કરતાં વિશેષ આનંદ આપનાર કોઇપણ વસ્તુ આપવામાં આવી નથી, પરંતુ મૈત્રી કરવાની ટેવ કેળવવી જોઇએ. પૈસા ખર્ચવાથી તે પ્રાપ્ત થઇ શકતી નથી. તે અમૂલ્ય છે. દ્રવ્ય ઉપાર્જન કરવાની પ્રવૃત્તિમાં પડી જવામાં તમારા મિત્રોનો પાંચ દશ વર્ષ સુધી પરિત્યાગ કર્યા પછી તમે તે સૌને ફરી વખત મેળવવાની આશા રાખતા હો તો આકાશપુષ્પવત્ છે. જે માણસ મિત્રતા કરવાને અને નિભાવવાને જરૂરી ભોગ આપવા ખુશી હોય છે તેને જ લાયક મિત્રોની પ્રાપ્તિ થાય છે. જેટલો સમય આપણે લાયક મિત્રો મેળવવામાં વ્યતીત કરીએ તેટલા સમયમાં પુષ્કળ દ્રવ્યનો સંચય કરી શકીએ એમ હોઇએ તો પણ જેઓ આપણામાં સંપૂર્ણ વિશ્વાસ રાખે છે અને જેઓ આપણને વિપત્તિના સમયમાં તજી દેતા નથી એવા પુષ્કળ મિત્રો કરવા તે પુષ્કળ દ્રવ્યનો સંચય કરવા કરતાં વધારે પસંદ કરવા લાયક છે. પુષ્કળ કર્તવ્યપરાયણ મિત્રોની મદદથી જીવન જેટલું સમૃદ્ધ બને છે તેટલું જગતમાં કોઇપણ વસ્તુથી બનવું અશક્ય છે.

ઘણા લોકો એમ ધારે છે કે મિત્રતા એકતરફી જ હોવી જોઈએ. તેઓ પોતાના મિત્રો સાથે આનંદ-વિનોદ કરે છે, મિત્રો પોતાને મળવા આવે છે તો તેઓનું ચિત્ત પ્રફુલ્લ થાય છે, પરંતુ તેઓ મિત્રતા નિભાવવા ખાતર તે પ્રકારનો સંબંધ પરસ્પર રાખવાનું ભૂલી જાય છે. ખરી હકીકત તો એ છે કે મિત્રતામાં પરસ્પર સંબંધને ખાસ લક્ષમાં રાખવો જોઇએ. ગમે તેટલું જ્ઞાન ધરાવતા હો અને તમારામાં ગમે તેટલી વિચક્ષણતા હોય તો પણ જો તમે બીજા લોકોના નિકટ પરિચયમાં નથી આવતા, જો તેઓ તરફ તમારું વર્તન સહાનુભૂતિભરેલું નથી હોતું, જો તમે તેઓના કાર્યથી અંતઃકરણપૂર્વક આનંદ પામતા નથી અને સહાયભૂત થતા નથી તો તમે ઉત્સાહ, આનંદ અને આકર્ષણ વગરનું જીવન વહન કરો છો.

એક યુવક પોતાને કોઈ મિત્ર નથી એવી હમેશાં ફરિયાદ કરે છે. અને તે તેની એકાંત સ્થિતિથી કંટાળીને કેટલીક વખત આત્મઘાત કરવાના નિશ્ચય પર આવી જાય છે, પરંતુ જે કોઇ તેને ઓળખે છે તેને તેની સ્થિતિથી આશ્ચર્ય થતું નથી; કેમકે તેનામાં કેટલાક એવા અવગુણો છે કે દરેક માણસ ધિક્કારે છે. તેની દૃષ્ટિ સંકુચિત છે, તેનું મન ક્ષુદ્ર છે, અને તે વ્યવહારમાં ચીકણો છે. તે હમેશાં બીજાની ટીકા કરે છે, દુરાગ્રહી છે, તદ્દન સ્વાર્થી તથા લોભી છે. જ્યારે કોઈ માણસ એકાદ સારું કૃત્ય કરે છે ત્યારે તે કાર્ય કરવાના તેના હેતુ વિશે ખોટા તર્ક બાંધે છે. આવા અવગુણોથી તે ભરેલો હોવાથી તેને કોઇ સાથે મૈત્રી ન હોય તો તેમાં આશ્ચર્ય નથી.

જો તમે પુષ્કળ માણસોની સાથે મિત્રતા કરવા ઇચ્છતા હો તો બીજા માણસોનાં જે ગુણોની તમે પ્રશંસા કરતા હો તે ગુણોનો તમારે વિકાસ કરવો જોઇએ. ગાઢ મૈત્રીનો આધાર મળતાવડા, ઉદાર અને સત્યનિષ્ઠ સ્વભાવ ઉપર રહેલો છે. સહાનુભૂતિ, ચિત્તનું ઔદાર્ય, માયાળુપણું અને મદદનીશ થવાની વૃત્તિ-આ સર્વ બીજા લોકોને આપણી તરફ આકર્ષી લાવે છે. તમારે બીજાના કાર્યોમાં ખરેખરો રસ લેવો જોઇએ, નહિ તો તમે કોઇને આકર્ષી શકશો નહિ, એ શંકા વગરની વાત છે. દંભ અથવા છળપ્રપંચથી મિત્રતા ટકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતી જ નથી. મિત્રના પ્રશંસનીય ગુણોને લઇને જ નમે છે. કોઇ પણ માણુસ તમને ચાહવાની શરૂઆત કરે તે પહેલાં તમારામાં કેટલાક પ્રશંસનીય અને સ્નેહ-ભાવ ઉપજાવે એવા ગુણોનો આવિષ્કાર થયો હોવો જોઇએ. તમે પોતે તિરસ્કરણીય ગુણોથી ભરેલા હશો તો કોઇ માણુસ તમારા માટે દરકાર કરે એવી આશા રાખતા હો તો તે ફોકટ છે.

જો તમે દયાહીન, અસહિષ્ણુ, અનુદાર, અસભ્ય, સંકુચિત વૃત્તિવાળા, નિરુત્સાહી, અને ક્ષુલ્લક મનવાળા હશો તો ઉદાર અને વિશાળ ચિત્તવાળા માણસો તમારી આસપાસ ભેગા થશે એમ માનતા હો તો તે તમારી ભૂલ છે. તમે મહાનુભાવ પુરુષોની સાથે મૈત્રી કરવા ઇચ્છતા હો તો તમારે મહાનુભાવતા, ઔદાર્ય, સહિષ્ણુતા આદિ સદ્‌ગુણોને કેળવવાની આવશ્યકતા છે. આનંદી સ્વભાવ, સર્વત્ર આનંદ ફેલાવવાની તીવ્ર ઇચ્છા, અને જે કોઇની સાથે પરિચય થાય તે સૌને મદદગાર થવાની ઇચ્છા—આ સર્વ મિત્રતા નિભાવવામાં અજબ સહાય કરે છે. આકર્ષણ કરે અને સ્નેહભાવ ઉત્પન્ન કરે એવા ગુણો કેળવવાનો તમે પ્રારંભ કરશો કે તરત જ કેટલી ઝડપથી તમારી આસપાસ મિત્રો ભેગા થવા લાગે છે તે જોઇને તમે ચકિત થઇ જશો.

અત્યુત્કટ સ્નેહભાવ કરતાં માન, પ્રશંસા અને સહન-શીલતા ઉપર સાચી મિત્રતાનો વધારે આધાર છે. ન્યાય, સત્ય માન અને પ્રશંસાને અવલંબી રહેલી મિત્રતાને જ ગાઢ અને ચિરસ્થાયી મિત્રતા ગણી શકાય. ખોટા મિત્રો આપણા પડછાયા સમાન છે. જ્યાં સુધી આપણે તડકામાં ચાલીએ છીએ ત્યાં સુધી તે આપણી નિકટમાં રહે છે, પરંતુ આપણે છાયાવાળી જગ્યામાં પ્રવેશ કરીએ છીએ કે તરત જ તે આપણુને તજી દે છે. સાચા મિત્રો તો પ્રકાશમાં તેમજ અંધકારમાં આપણુને સરખી રીતે અનુસરે છે.

મિત્રતા કરવાની શક્તિ ઉપરથી ચારિત્ર્યની પરીક્ષા થઈ શકે છે. જ્યાં સુખ દુઃખમાં પોતાના મિત્રોને સરખી રીતે વળગી રહે છે તે લોકો સ્વાભાવિક રીતે સહુના વિશ્વાસપાત્ર બને છે. ઉમદા ગુણો હોવાની તે નિશાની છે. જે લોકોમાં કર્તવ્યપરાયણતાનો અભાવ હોય છે, તેઓમાં મહાન મિત્રો કરવાની શક્તિનો પણ અભાવ દેખાય છે. કોઈ મનુષ્યના વિજયનું માપ પણ તેના મિત્રોની સંખ્યા અને ગુણો ઉપરથી કરી શકાય છે; કેમકે તેણે ગમે તેટલું દ્રવ્ય સંપાદન કર્યું હોય તો પણ તેને ઘણાં મિત્રો નથી હોતા તો તેનામાં ઉત્તમ ગુણોની ખામી હોવી જોઇએ એ નિઃસંદેહ છે

### આ જગતમાં સત્ય મિત્ર એક અતિ પવિત્ર વસ્તુ છે.

એવું શિક્ષણ આપણે આપણા બાળકોને પ્રથમથી જ આપવું જોઇએ. તેમજ તેઓને મિત્રતા કરવાની શક્તિનો વિકાસ કરતાં શીખવવું જોઇએ. આથી તેઓનું ચારિત્ર્ય શુદ્ધ બનશે, તેમની દૃષ્ટિ વિશાળ થશે, તેઓમાં સુંદર ગુણોનો વિકાસ થશે અને તેઓનું જીવન મધુર, શાંત અને રસિક બને છે. આ સર્વ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે સત્યનિષ્ઠ, કર્તવ્ય-પરાયણ અને ચારિત્ર્યવાન મિત્રોની પ્રાપ્તિ સદ્‌ભાગ્ય વિના મુશ્કેલ છે.

છેવટે મહાન કવિ શેક્સપીઅરની નીચેની બોધપ્રદ પંક્તિઓ પર મનન કરવાની વાચકોને વિનતિ કરી વિરમવામાં આવે છે.

"The friends thou hast and their adoption tried
Grapple them to thy soul with hoops of steel;
But do not dull thy palm with entertainment
Of each new-hatched, unfledged comrade.

જે મિત્રો તેં કર્યાં છે અને જેની મિત્રતાની તેં કસોટી કરી છે તેને તુ મજબૂત રીતે વળગી રહેજે; પરંતુ દરેક અપરિચિત મનુષ્ય સાથે નવી મિત્રતા કરીને તારા સ્નેહનો ખજાનો ખાલી કરવો નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બંધુમતી

લે. જયભિખ્ખુ

(ગતાંકથી ચાલુ)

એક દિવસ એ ગામમાં એક મુનિ આવ્યા, મુનિની વાણીમાં અજબ જાદુ હતું, પથ્થરને પીગળાવે એવું માર્દવ હતું. તેમને સાંભળીને અનેક ગૃહસ્થીઓએ સંસાર તજી સંન્યાસ ધારણ કર્યો હતો. તેમની દૃષ્ટિનો એક ચમકારો સંસારીઓના વર્ષોના ઉદ્વેગને શાંત કરી દેતો. જિજ્ઞાસુ શ્રોતા સમુદાયને એક દિવસ એમણે કહ્યું:

'અરે! તમે બધાં કેવા ભુલાવામાં પડ્યાં છો? તમે માનો છો કે આપણે ભોગ ભોગવીએ છીએ, પણ તમે એ જાણતા નથી કે ભોગ તમને ભોગવે છે! તમે જાણો છો કે આપણે સુખે આયુષ્ય વીતાવીએ છીએ, પણ આયુષ્ય તમને ખાતું હોય છે, તે તમે જાણતા નથી! વાસનાઓ, લાલસાઓને તમે તમારી કરો છો કે વાસના તમને એનાં ગુલામ કરે છે, એ કંઇ જાણો છો? આયુષ્ય પુષ્પ પર રહેલા તુષારબિંદુ જેવું ક્ષણ ભંગુર છે. શરીર શોખનું સાધન નહિ, પણ રોગનું મંદિર છે. આયુષ્ય, જુવાની ને આ મોજશોખ તમને છોડે એ પહેલાં, તમે એને છોડી દો, એમાં જ તમારી વષેકાઇ!'

મુનિની વાણી સામયિકને હૈયાની આરપાર ઊતરી ગઇ. એણે બંધુમતીને કહ્યું: 'સહુ ઘડપણમાં ગોવિંદ ભજે છે. આપણે જુવાનીને ભક્તિથી ઊજાળીએ.'

બંધુમતી કહે: 'મારી ક્યાં ના છે? આજ સુધી સંસારનો મજો માણ્યો, હવે વૈરાગ્યનો મજો લૂંટીએ.'

'પણ મને તારી ચિંતા થાય છે! એમાં એકલા રહેવું પડશે.'

'તે હું ક્યાં કોઇની મારી મરું એવી છું?' બંધુમતીના શબ્દોમાં ફરી એક વાર સરિતાકાંઠાની ખુમારી ગુંજી.

બસ, આંખના પલકારામાં નિર્ણય થઇ ગયો. જેમ એક દહાડો બંને એકાએક પરણી ગયાં, ને લોક જોતાં રહ્યાં; એમ આજે બંને ઘરબાર છોડી સાધુવેશ લઇ ચાલી નીકળ્યાં, ને લોક જોતાં રહ્યાં.

દેહ છોડીને આત્મા ચાલ્યો જાય, એમ ગામ છોડીને એ બેય ચાલી નીકળ્યાં. બંનેના રાહ પણ ફંટાયા. મેના-પોપટનું જીવન જીવનારને ચકવાચકવીની જિંદગી મળી.

સામયિક મુનિદળ ભેગો ચાલ્યો ગયો. બંધુમતી સાધ્વીસમુદાય સાથે ચાલી ગઇ. બંનેના રાહ જુદા પડ્યા. ધીરે ધીરે વાત વિસારે પડી.

* * *

મુનિ સામયિક નગરે નગર ફરતા આજ શ્રીરંગ-પુરમાં આવ્યા છે. સંજોગવશાત દેશોદેશ ભમતા સાધ્વી-સમુદાય સાથે બંધુમતી પણ આ જ નગરમાં આવી છે! બંનેની યુવાવસ્થા હવે ફાટફાટ થઈ રહી છે. બ્રહ્મપાલકને વરતું તેજ બંનેની મુખમુદ્રા પર ચીમટીઓ લઇ રહ્યું છે! લાલ બૂંદ ચહેરામાંથી ને વીર્યવાન દેહમાંથી યુવાની તેજનાં આભલાં વેરી રહી છે.

મુનિના અંતરના માળામાં ધર્મની કવિતા આવા બેઠી છે! આજ ઉપદેશની પાટ પર બેસી મુનિરાજ બાલ પ્રભુના જન્માભિષેકનું કાવ્ય કરી રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિષેકજળના ઘડા લઇને આવતી અપ્સરાઓના અંગોપાંગનાં વખાણ કરી રહ્યાં છે ! કેવાં છે એ અંગોપાંગ ! કેવી છે એ દેવ-અંગનાઓ !

'ભવ્યજનો ! કેવી છે એ દેવ-અગનાઓ !

'આકાશમાં પરિભ્રમણ કરનારી,

'હંસરાણીની લટકાળી ચાલે ચાલતી,

'સંપૂર્ણ કમળદળના જેવા નેત્રોવાળી,

'મોટાં વક્ષસ્થળોથી શોભતી,

'મણિ ને સુવર્ણના કંદોરાના ભારવડે લચકેલી કમરવાળી,

'ઘૂઘરીઓના રવથી રૂમઝૂમ ઝાંઝરવાળી ને ટીલડીવાળા કંકણોથી સુશોભિત, દેવતાઓને લાયક સુંદર પ્રકારના રતિગુણોમાં પારંગત ! એવી દેવાંગના......'

કવિત્વ ન જાણે શુંની શું કમાલ કરી રહ્યું.

પ્રભુભક્તિનો વેગ અને કવિત્વ ! શું બાકી રહે ! એ વર્ણન કરતાં કરતાં એમની નજર બંધુમતી પર ગઇ ! ક્ષણવારમાં દેવઅંગનાઓ સરી ગઇ, ને પોતાની અંગના નજર સામે તરી રહી. મનપ્રદેશ પરથી દેવઅંગનાઓ સરી ગઇ ને ચિત્તપ્રદેશ પર સરિતાતટના નિર્મળ જળપ્રવાહ પર લીલો કંચવો પહેરીને મગરૂર પારેવી સમી ઊભેલી બંધુમતી નજર સમક્ષ ખડી થઇ ! રે ! બંધુમતી દેવઅંગના જેવી સુંદર અંગના છે ! આજ આ વસ્ત્ર અળગાં કરે ને...

મુનિ સામયિકનું ચિત્ત વિહ્વલ થઇ ગયું ! એ દિવસે જામેલું વ્યાખ્યાન અધૂરૂં રહ્યું—અડધે રહ્યું. શ્રોતાગણ અધૂરી ઉત્કંઠાએ વિદાય થયો. મુનિ સામયિકે ઉપદેશની પાટેથી ઊઠીને તરત બંધુમતીને બોલાવી ! ઘણે દિવસે પ્રિયજનને મળાશે, એમ સમજી બંધુમતો હોંશ ભરી આવી. સંસારને અસાર માન્યા છતાં, માનવીના કેટલાક સાર જીવનના અંતે જ અસાર બને છે !

મુનિ સામયિક દ્વારમાં જ રાહ જોતા ઉભા હતા. દૂરથી ચાલી આવતી માર્દવ ને ઉર્મિલતાની મૂર્તિ જેવી, લજ્જાસૌંદર્યથી મધુર, મનોજ્ઞા બંધુમતીને એ નેહભરી નજરે નીરખી રહ્યા. દેવાંગનાઓને ટપી જાય એવી એમની અંગના હતી ! રે ! આવી સંસારની સારભૂત-સૌંદર્યરાશિ તારી પાસે હોવા છતાં-કઇ લાલચે તેં સંસારત્યાગ કર્યો ! મુનિને પોતાનું મસ્ત દાંપત્ય યાદ આવ્યું. આવતી બંધુમતીને જાણે નેત્રદ્વારા આખી ને આખી એ પી જવા ઇચ્છતા હતા.

'બંધુમતી ! કુશળ છે ને !' મુનિરાજે આવતાંની સાથે પ્રશ્ન કર્યો. એ સાદા પ્રશ્નમાં પણ બપૈયાની વ્યાકુળતા ગુંજતી હતી. બંધુમતી સહેજ ચમકી. એને સામયિકના હયા-ભાવમાં મોહની શરણાઇ બજતી લાગી. ધારણ કરેલા ધર્મની ધજા ડોલતી લાગી. જીવનનૈયાને ડુબાવી દે તેવો કોઈ વડવાનલ ધૂધવતો લાગ્યો.

'કુશળ છું,' બંધુમતીએ સાદો જવાબ આપ્યો ને પુનઃ પ્રશ્ન કર્યો : 'તમે કુશળ છો ને ? ઘણે દિવસે જોયા.'

'કુશળ હતો તને નીરખ્યા પહેલાં ! પણ બંધુમતી !...' મુનિ આગળ બોલતા અચકાયા, મનમાં દ્વંદ્વ જાગ્યું હોય તેવું ઓશિયાળાપણું મુખ પર આવી ગયું. આખરે પ્રયત્ન કરીને બોલતા હોય તેમ કહ્યું :

'બંધુમતી ! તને જોઇ નહોતી ત્યાં સુધી કુશળ હતો. આજની મારી ઉપાધી-વ્યાધિનો પાર નથી. હવે તો મારા રોગનું નિવારણ તું છે, આમ આવ !!'

'શું બોલો છો તમે ? તમારી વૈરાગીની આંખમાં વાસનાના આ ભુજંગ કાં ડોલે ?' બંધુમતીના સ્વરોમાં ધર્મનો પુકાર હતી.

'મારું મન પાણી વિનાના માછલાંની જેમ તરફડે છે ! આખરે તો મરીને પણ સ્વર્ગ મેળવવાનું છે ને ?'

'શું સ્વર્ગની તમારે મન કીંમત નથી ?'

'સ્વર્ગની કીંમત સ્વર્ગની અપ્સરાથી, દેવાંગના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓથી ! પૃથ્વીલોકની સુંદરીના સૌંદર્ય કરતાં દેવાંગનાઓનું સૌંદર્ય અનેકગણું ! સદાકાળની ત્યાં જુવાની ! અનેક પ્રકારના અખંડિત અનુપમ ભોગ ત્યાં ! બંધુમતી ! હું મુનિ છું. મારે એવા મોહનો ત્યાગ કરવો જોઇએ. એવા ભોગની અપેક્ષા ન રાખવી જોઇએ. મને સુરલોકની અંગના કે અપ્સરા ન જોઇએ. પૃથ્વીલોકની અંગનાથી મને સંતોષ છે.'

"આહ ! વસ્તુનો, તર્કનો કેવો વિપર્યાસ ! સ્વાર્થ કાજે શાસ્ત્રનો કેવો બૂરો ઉપયોગ !' બંધુમતીએ કહ્યું, ને આગળ બોલી ! 'વસ્તુ પવિત્ર-અપવિત્ર નથી ! આપણું મન એને પવિત્ર-અપવિત્ર બનાવે છે !'

'બંધુમતી ! તું મારી અંગના છે. દેવાંગના પર દેવોને હક છે, તારા પર મારો હક છે. ઓહ ! પ્રાણમાં ભયંકર પીડા જાગી છે.' મુનિએ કહ્યું.

'તે હું શું કરું ? વૈરાગ્યભાવના ભાવો ! દેહનું અશુચિત્વ યાદ કરો. ચાર શરણ યાદ કરો ! કાગડાને ઉડાડવા લાખનો હીરો ફેંકી ન દો.'

'બંધુમતી ! નિર્લજ્જ લાગીશ, પણ તારી પાસે મન ઉઘાડું કરતાં મને લજ્જા કેવી ને શરમ કેવી ? આત્માના યજ્ઞકુંડમાં અગ્નિ એવો ધખ્યો છે, કે શાસ્ત્ર, આજ્ઞા, વૈરાગ્ય, વિવેક, વિચાર બધું ય એમાં સ્વાહા બની ગયું છે.' મુનિ જરા આગળ વધ્યા.

બંધુમતી પાછી હઠતી બોલી : 'મને આ માટે જ અહીં એકાંતે બોલાવી ? તમે જ કહો છો, કે એકાંત, યુવાની ને સુંદર સ્ત્રી; ત્રણે મુનિ માટે મારણ છે !'

'આજ હું મુનિ નથી. તું સાધ્વી નથી ! પહેલી વાર સરિતાજળમાં મળ્યાં તેવાં જ આપણે બંને છીએ. તારાં અણિયાળાં લોચન હજીય ઘા કરે છે. તારું વક્ષઃસ્થળ હજીય મને વીંધે છે. તારા ઓષ્ઠ પર એ જ સુધા ઝરે છે; જે સૌંદર્યસુધાએ મને દિવસો સુધી ઘેલો કર્યો હતો. આ જ તું સાધ્વી છે, વેશભૂષાહીન છે, પણ તેથી શું ? અલંકારહીન તારી દેહવલ્લરી અનેરી સુશ્રી જન્માવે છે. આવ, ઓ ચક્રવાકી બંધુમતી ! મારા તરસ્યા જલપાત્રને તારી સ્નેહવર્ષાથી છલકાવી દે !'

'રે ! મુનિની જીભમાં આટલા કાંટા ? નાશવંત દેહ પ્રત્યે આટલી લાલસા !'

'નાશવંતને નાશવંત ગમે ! નાશ પામનારી રૂપવાદળીને આ જલતા હૈયે ચાંપી અમર કરી લેવા દે, બંધુમતી !'

'તને સમાજનો ડર નથી ?'

'સમાજની મને પરવા નથી. આપણે સમાજ છાંડી દઈશું. પ્રેમની કોઇ એકાકી ગુફા શોધી એકલા અહાલેક જગાવીશું.'

'પછી રોજ વધુ બે વાર પ્રાર્થના-પ્રાયશ્ચિત કરીશ. તારા વિના હવે હું જીવી નહિ શકું ! મારાં વ્યાકુલ મન પ્રાણ ન જાણે શુંનું શું કરી મૂકશે.'

'સિંહના સિંહાસને ચઢી, આમ કુક્કર ભિક્ષા માગતાં શરમ નહિ આવે ? તારો ધર્મ નષ્ટ નહિ થાય ?'

'બંધુમતી ! વધુ ન તરસાવ ! કહે તો આ સાધુવેશનો જાહેર લીલામી કરી દઉં ! કોઈ પ્રાણ માગે તો પ્રાણ કાઢીને આપી દઉં, એટલી આત્મપીડા જાગી છે.'

બંધુમતી પળવાર આંખો મીંચી ગઈ. બીજી પળે એ બોલી : "સામયિક ! એક દહાડાનો વિલંબ પણ ન વેઠી શકે ?'

'એક યુગનો વિલંબ વેઠું, જો મને મારી અંગના-બંધુમતી મળે તો.' સામયિકે કહ્યું. એ અંગના શબ્દ પર ભાર મૂકતો હતો. એ ભારમાં હકનો ભાવ વ્યક્ત થતો હતો.

'સારું, જા, કાલે બનોઢનીને તને મળવા આવીશ. જોજે પછી પાછો હઠી જતો !'

બંધુમતી વીજળીવેગે પાછી ફરી. સામયિક એને જતી જોઈ રહ્યો. સ્વર્ગની અપ્સરાનાં-દેવોની અંગના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનાં શાસ્ત્રીય વર્ણનો એ યાદ કરી રહ્યો. યાદ કરીને પોતાની અંગના-બંધુમતી સાથે એની સરખામણી કરી રહ્યો.

એ રાત મુનિએ આકાશના તારા જોતાં કાઢી. વૈરાગ્યનું કોઈ સ્તોત્ર એમના મનને સ્વસ્થ કરી ન શક્યું ! શૃંગારનાં શાસ્ત્રો પણ હૈયાને ક્ષણિક બહલાવી શક્યાં, પછી એય વિશેષ બાળનારાં લાગ્યાં.

વસંતનું સુંદર પ્રભાત ખીલ્યું. મુનિરાજ એના માધુર્યમાં બંધુમતીના દેહનું માધુર્ય મહેકતું જોઈ રહ્યા.

× × ×

**વાસન્તી** વાતાવરણમાં મુનિ ફરી રહ્યા છે. સ્નેહના કોલ આજ લેવા-દેવાના છે. એમના હૈયામાં સતત બંધુમતીનું ગાન છે. ક્યારે સાંજ આથમે ને બંધુમતી આવે ! ત્યાં સંદેશો મળ્યો :

'સાધ્વી બંધુમતી છેલ્લા શ્વાસે છે. જલ્દી આવો.'

મુનિ ભાન ભૂલ્યા. દોડ્યા. ત્યાં પહોંચ્યા તો દૃશ્ય હૃદયવિદારક હતું !

બંધુમતી સૂતી હતી ! ચેતન ક્ષણે ક્ષણે સરતું જતું હતું. એ કંઇક બોલતી હતી.

બંધુમતી તૂટક તૂટક સ્વરે જે બોલી એ નીચે પ્રમાણે સમજાયું:

'મુનિરાજ ! તમે બંધુમતીમાં અંગના જોઇ, સાધ્વીભાવ ન નીરખ્યો. મારી કેવી વિડંબના. તમે કહ્યું, બંધુમતી ! તારાં અણિયાળાં લોચન હૃદય ઘા કરે છે, તારું વક્ષ:સ્થળ હૃદય વીંધે છે, તારા ઓષ્ઠ પર એ જ સુધા ઝરે છે, જે સૌંદર્યસુધાએ મને દિવસો સુધી ઘેલો કર્યો હતો. મુનિરાજ ! અંગના તરીકે તો મારા એ અંગોના વિજય પર મને અભિમાન જાગે, પણ સાધ્વી બંધુમતીને એ અંગપ્રશંસા પ્રજાળનારી લાગે. હવે એ અંગ નહિ રહે, અંગના પણ નહિ રહે, માત્ર હવામાં સાધ્વી બંધુમતીની ભાવના રહેશે. એ હવાને-ભાવનાને સન્માનજો મુનિરાજ !'

બંધુમતીએ મુનિ સામયિકને બે હાથ જોડી પ્રણામ કર્યા, ને પ્રાણ છોડી દીધા. ચંપકકોરક જેવા મુખ પર મૃત્યુની આભા બિરાજી રહી !

સહુ કકળાટ કરી ઊઠ્યાં : 'બંધુમતી મૃત્યુ પામી. સવારમાં તો સાજાંતાજાં હતાં, ને આ શું થયું ?"

'અરે ! આવી પવિત્ર સાધ્વી, ને આવું મૃત્યુ !' સાધ્વીસમુદાય રડી ઊઠ્યો !

મુનિ સામયિકના દિલમાં ભયંકર ઝંઝાવાત ઊઠ્યો હતો. બે ઘડી એ કંઇ ન બોલી શક્યા. સહુ એમની પાસેથી શોક દૂર કરનાર શાસ્ત્રવચનોની અપેક્ષા રાખતા હતા. પણ એ કંઇ ન કરી શક્યા. સામાન્ય જનની જેમ એટલું બોલ્યા :

'શું દીવો ઓલવાઇ ગયો ?'

'હા !'

'પતંગિયું એમાં પડી બળી ન મરે; એ કાજે ?" મુનિએ પ્રશ્ન કર્યો. એ પ્રશ્નનો જવાબ કોઇ આપી ન શક્યું.

મુનિ બંધુમતીની નજીક ગયા. જડ નિયમને પરહરી એ એના મૃતદેહને વંદી રહ્યા. રડતા સ્વરે બોલ્યા :

'વાહ રે બંધુમતી ! તું ગઇ, પણ તારું ગુમાન સાચું કરતી ગઇ. તું કહેતી કે સામયિક, તારી તારી નહિ તરું ! તારી જીવાડી નહિ જીવું ! હું જીવાડવા માગતો હતો ને તું મરી ગઇ ! હું ડૂબવા માગતો હતો ને તું તારી ગઇ ! આજ ભવતારણની તાકાત તેં સામયિકને આપી ! સુખેથી જા. આવું છું !'

[ શ્રી જયભિખ્ખુના નવા સંગ્રહમાંથી ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૧. પૂ. મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ



જન્મઃ વિ સં. ૧૯૫૧, શ્રાવણ વદ ૫, માંડલ
દીક્ષાઃ: વિ સં. ૧૯૮૮, જેઠ વદ ૬, અમદાવાદ
સ્વર્ગવાસઃ: વિ સં. ૨૦૧૫, મહા શુદ ૮, શંખેશ્વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. પૂ. મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ

પરમપૂજ્ય ગુરુદેવ ભુવનવિજયજીનું મૂળ સંસારી નામ ભોગીલાલ મોહનલાલ અને બહુચરાજી (ગુજરાત) પાસેનું દેથળી ગામ તેમનું મૂળ વતન. પણ કુટુમ્બ વિશાળ હોવાના કારણે તેમના પિતાશ્રી મોહનલાલ જોઇતારામ, માંડલખાતે બીજી દુકાન હોવાથી, ત્યાં રહેતા. શ્રી મોહનલાલભાઇનો લગ્નસંબંધ માંડલખાતે જ ડાહીબેન ડામરશી સાથે થયેલો અને શ્રી ભોગીલાલભાઇનો જન્મ પણ વિ. સં. ૧૯૫૧માં શ્રાવણ વદ પાંચમના રોજ માંડલમાં જ થયેલો. ડાહીબેનમાં ધાર્મિક સંસ્કારો ઉચ્ચ કોટિના હતા, ઘર પણ ઉપાશ્રય નજીક જ હતું એટલે અવારનવાર સાધુસાધ્વીનો લાભ મળતો.

એક વખતે શ્રી ભોગીલાલભાઇ પારણામાં સૂતા હતા, તેવામાં પાયચંદગચ્છીય ભાયચંદજી મહારાજ અચાનક આવી ચઢ્યા. શ્રી ભોગીલાલભાઇની મુખમુદ્રા જોતાં જ તેમણે ડાહીબેનને ભવિષ્ય-કથન કર્યું કે "આ તમારો પુત્ર મહાન્ થશે અને સારો ધર્મોદ્યોત કરશે." અને આપણે જાણીએ છીએ કે-ચોસઠ વર્ષ પહેલાં ઉચ્ચારાયેલી આ ભવિષ્યવાણી અક્ષરશઃ યથાર્થ નીવડી છે.

શ્રી ભોગીલાલભાઇ સત્તર વર્ષની વયના થયા એટલે માંડલ છોડી મૂળ વતન દેથળી ગયા. ત્યાં બે વર્ષ રહી અમદાવાદ ગયા અને ત્યાં ધંધો વિકસાવ્યો. વ્યાપારમાં સારી પ્રતિષ્ઠા જમાવી. મણિબાઇ નામની સુલક્ષણી અને સદ્ગુણી પત્નીની પ્રાપ્તિ થઈ. સત્તાવીશમા વર્ષે મણિબાઇની રત્નકુક્ષીથી પુત્રરત્નની પ્રાપ્તિ થઈ જે હાલ "મુનિરાજ શ્રી જંબૂવિજયજી"ના નામથી સુપ્રસિદ્ધ છે. પુત્ર પાંચ વર્ષની વયનો થતાં બત્રીશમા વર્ષે તેમણે સંપૂર્ણ બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞા લીધી. યુવાવસ્થા, સર્વ પ્રકારની સાધન-સંપન્નતા, અનુકૂળ વાતાવરણ-આ બધા સુંદર સંયોગો વચ્ચે પણ આજીવન બ્રહ્મચર્ય-વ્રત-પ્રતિજ્ઞા સ્વીકારવી એ શ્રી ભોગીલાલભાઇમાં રહેલા દૃઢ આત્મબળની સાક્ષી પૂરે છે.

માતા ડાહીબેન ધાર્મિક સંસ્કારવાળા, ભદ્રિક, સરલ સ્વભાવના અને સ્નેહાળ હતા. તેમના સતત સંસર્ગ અને પ્રેરણાને પરિણામે ધીમે ધીમે ભોગીલાલભાઇનો ધાર્મિક આચરણ અને ક્રિયા-અનુષ્ઠાન તરફનો ઝોક વધતો ગયો. તેમણે શ્રી સિદ્ધાચળની નવાણું યાત્રા કરી, બીજાં તીર્થસ્થળોની સ્પર્શના કરી અને હૃદયમાં ઊંડે ઊંડે પણ દીક્ષાની ભાવના પ્રગટવાથી ધાર્મિક અભ્યાસ પણ શરૂ કર્યો.

વિ. સં. ૧૯૮૮માં શ્રી ભોગીલાલભાઇની દીક્ષા લેવાની ભાવના બળવત્તર બની, પણ પુત્ર દશ વર્ષનો હતો, તેમના પિતા, માતા વગેરે પણ હૈયાત હતા, તેઓ આ બાબતમાં સંમતિ આપે કે કેમ તે શંકાસ્પદ હકીક્ત હતી એટલે તેમણે ગુપ્ત રીતે જ અમદાવાદમાં પૂ. આ. શ્રી સિદ્ધિસૂરિજી (દાદા)ના શિષ્ય પૂ. આ. શ્રી મેઘસૂરિજીના વરદહસ્તે દીક્ષા લીધી અને મુનિરાજશ્રી ભુવનવિજયજી તરીકે પ્રસિદ્ધ થયા.

સંયમી જીવનમાં પણ નિરતિચારપણે ચારિત્ર-પાલન કરતાં તેમણે સારી સુવાસ ફેલાવી. કર્મગ્રંથાદિનો અભ્યાસ કરવા ઉપરાંત આગમસાહિત્યનું અવગાહન શરૂ કર્યું અને અલ્પ સમયમાં જ તેઓએ "શાસ્ત્રજ્ઞાતા" તરીકે નામના મેળવી. વિવિધ દર્શનો સંબંધી પણ તેઓશ્રીનું જ્ઞાન સૌ કોઇને આકર્ષી લેતું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ. સં. ૧૯૯૩ માં તેમના સંસારી પુત્રે પણ પંદર વર્ષની વયે પૂ. શ્રી ભુવનવિજયજી મહારાજ પાસે પરમ ભાગવતી દીક્ષા વૈશાખ શુદ ૧૩ ના દિવસે સ્વીકારી અને મુનિરાજશ્રી જંબૂવિજયજી તરીકે પ્રસિદ્ધિ પામ્યા. વિ. સં. ૧૯૯૫ માં સંસારી પત્ની મણિબાઇએ પણ તેઓશ્રીના જ સુહસ્તે દીક્ષા સ્વીકારી અને તેમનું નામ સાધ્વીશ્રી મનોહરશ્રીજી રાખવામાં આવ્યું.

મુનિરાજશ્રી જંબૂવિજયજી તીવ્ર બુદ્ધિવાળા હોવાથી તેમને ઘડવા માટે પૂજ્ય મહારાજશ્રીએ પૂરતો પ્રયાસ કર્યો. કમાઉ પુત્રને કયો પિતા સ્નેહથી ન નવરાવે ? તેમજ તેજસ્વી શિષ્યથી કયા ગુરુ હર્ષોદ્રેક ન પામે ? તેમાંય મુનિશ્રી જંબૂવિજયજી તો સંસારીપણાના પુત્ર, લોહીનો સંબંધ. કૂવાના મધુર જળને જુદી જુદી નીક દ્વારા વાળી કુશળ ખેડૂત પોતાના ક્ષેત્રને હરિયાળું બનાવે તેમ મુનિરાજશ્રી જંબૂવિજયજીને જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રિવેણીના મંગળધામ સમાન બનાવ્યા. કુશળ શિલ્પી મનોહર મૂર્તિ બનાવવા માટે વર્ષોનો પરિશ્રમ સેવે અને પોતાની સર્વ શક્તિનો વ્યય કરે તેમ ભવિષ્યના મહાન ચિંતક અને દર્શનકાર તેમજ નૈયાયિક મુનિરાજશ્રી જંબૂવિજયજીના ઘડતર માટે સ્વર્ગસ્થ ગુરુદેવે અહર્નિશ પ્રેમભાવે અવિરત પ્રયત્ન કર્યો હતો. અને આજે મુનિરાજશ્રી જંબૂવિજયજીનું નામ વિદ્વાન-ગણમાં મોખરે છે. તેઓ તીબેટી, પાલી, ઇંગ્લીશ વિગેરે આઠ દેશી વિદેશી ભાષા જાણે છે અને "नयचक्र" જેવા દુર્ઘટ ગ્રંથનું સંપાદન કરી રહ્યા છે.

"**नयचक्र**" જેવા ઉચ્ચકોટિના ગ્રંથનું સંપાદન-કાર્ય કેટલી જહેમત અને સર્વદિશાની વિદ્વત્તા માગી લે છે તે, તે વિષયના જ્ઞાતા જ સંપૂર્ણરીતે સમજી શકે. "**नयचक्र**" ની પ્રતના સાદ્યંત અભ્યાસ માટે તેઓશ્રીએ તિબેટન ભાષાનો અભ્યાસ કર્યો અને પંદરેક વર્ષના સતત પરિશ્રમ પછી "**नयचक्र**"નો પ્રથમ અંશ પ્રકાશિત થવાની તૈયારીમાં છે, જેનો યશ આપણી સભાને જ સાંપડયો છે જે ખરેખર સભાને માટે અત્યંત ગૌરવનો વિષય છે.

મુનિરાજશ્રી ભુવનવિજયજીને સર્વ પ્રકારે સમર્થ જાણી પૂ. ગુરુદેવે તેમને અલગ વિચરવા આજ્ઞા આપી, જેને પરિણામે તેઓએ મારવાડ, માળવા, મહારાષ્ટ્ર, ખાનદેશ, વરાડ, ગુજરાત તથા સૌરાષ્ટ્રની ભૂમિને વિહારથી પાવન કરી અને સ્થળે સ્થળે આવતાં તીર્થ-સ્થાનોની સ્પર્શના કરીને સ્વજીવનને સાર્થક બનાવ્યું.

પૂ. શ્રી ભુવનવિજયજી મહારાજમાં જ્ઞાનપ્રાપ્તિનો તેમજ જ્ઞાનદાનનો અનુરાગ હતો. ખાસ કરીને આગમ સાહિત્યનો તેમને ઘણોજ શોખ હતો. તેઓ ઇચ્છતા હતા કે, દરેક આગમો, મૂળમાત્ર, સંપૂર્ણ શુદ્ધ દશામાં પ્રગટ થાય. જેથી અભ્યાસુઓને આગમ-જ્ઞાન સંબંધી સરળ રીતે અધ્યયન થઈ શકે. આ દિશામાં તેઓશ્રીએ કાર્ય કરવાની ઇચ્છા સેવેલી, પણ તે ઇચ્છા પાર પડે તે પહેલાં તો તેઓ સ્વર્ગસ્થ થયા. આશા રાખીએ કે, વિદ્વાન શિષ્ય પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી આ કાર્ય હાથ ધરી સ્વર્ગસ્થની મનોકામના પૂર્ણ કરે.

મહારાષ્ટ્રના વિહાર દરમિયાન નાશિક જીલ્લાના ચંદનપુરી તથા સપ્તશૃંગી બંને ગામોમાં દેવીના મેળા પ્રસંગે બલિવધ કરાતો અને હજારો પશુઓ અકાળે મૃત્યુના મુખમાં હોમાતા. પૂ. ગુરુદેવે આ ભીષણ હત્યાકાંડ અટકાવવા કમર કસી, ઉપદેશ કર્યો અને તેઓશ્રીના પુરુષાર્થને પરિણામે તે તે સ્થળોમાં "अहिंसा परमो धर्मः"નો નાદ આજે ગુંજતો થયો છે.

પાલીતાણાખાતે જ્યારે બાંધણના હક્ક સંબંધી પ્રશ્ન ઉદ્ભવેલો ત્યારે પણ તેઓશ્રીએ મક્કમપણે વિરોધ દર્શાવેલો અને સુંદર કાર્યવાહીથી જ તે પ્રશ્નનો સુખદ અંત આવેલો. તેઓશ્રીનું મનોબલ ઘણું જ મજબૂત હતું અને જે પ્રશ્ન હાથમાં લેતા તેનો સુંદર નિકાલ લાવવામાં તેઓ હમેશા તત્પર રહેતા.

વય વધતી જતી હતી અને તેની અસર ક્ષણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભંગુર દેહ પર થતી જણાતી હતી, પરંતુ આત્મબળ પાસે દેહને પરાભવ પામવો પડતો હતો. શ્રી સિદ્ધાચળજીની યાત્રા કર્યાબાદ છેલ્લા ત્રણ-ચાર વર્ષથી શ્રી શંખેશ્વરજીના સાનિધ્યમાં રહેવાનું તેમનું રટન હતું. જામનગરમાં દમનો ઉપદ્રવ થયો, શરીર કથળતું ચાલ્યું, થોડું ચાલે ત્યાં શ્વાસ ચડે, વળી થોડો વિસામો ખાય અને ચાલે, પણ ડોળીનો આશ્રય લેવાની છેલ્લી ઘડી સુધી તેમણે ના જ પાડી. વિહાર કરતાં કરતાં ઝીંઝુવાડા પહોંચ્યાં. ઝીંઝુવાડાથી વિહાર કરીને સં. ૨૦૧૫ ના પોષ વદ ત્રીજે શ્રી શંખેશ્વરજી આવ્યા. મનનો ઉલ્લાસ વધી ગયો અને હંમેશાં બપોરના જિનાલયમાં જઇ, પરમાત્માની શાંતરસ ઝરતી પ્રતિમા સન્મુખ બેસી પેટ ભરીને ભક્તિ કરતા. જાણે ભક્તિ કરતાં ધરાતાં જ ન હોય તેમ તેનો નિત્યક્રમ થઈ ગયો અને ભક્તિ-ધારા અવિરત વહેવા લાગી.

સાધ્વીશ્રી મનોહરશ્રીજી પણ શંખેશ્વરજી આવી પહોંચ્યા હતા. વસંતપંચમીના રોજ પૂ. ગુરુદેવે એક બહેનને દીક્ષા આપી, સાધ્વીશ્રી મનોહરશ્રીજીની શિષ્યા બનાવી. વચ્ચે-વચ્ચે શ્વાસનો ઉપદ્રવ રહ્યા કરતો હતો પણ મહા સુદ ૬ થી અશક્તિ વધી. આ સમયમાં આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી વગેરે ૧૦૦-૧૨૫ સાધુ સાધ્વીના ઠાણા શંખેશ્વરજીમાં બિરાજતા હતા. તેઓ પૂ. ગુરુદેવ પાસે આવી ગયા. સુદ સાતમના રોજ અશક્તિ વધતી ચાલી, છતાં સાધુ-જીવનની સર્વ ક્રિયા તેમણે સ્વહસ્તે જ કરી. અષ્ટમીના દિવસે પણ શરીર વિશેષ અશક્ત થઇ ગયું, છતાં હંમેશના નિયમ મુજબની ગણવાની વીશ નવકારવાળી તેમણે ગણી લીધી. પછી તેઓ સંથારામાં સુઇ ગયા. પાસે બેઠેલા શ્રાવકને હાથ-પગ ઠંડા પડતા લાગ્યા, એટલે પૂ. મુનિ શ્રી જંબૂવિજયજીએ સ્તવનાદિ સંભળાવવા શરૂ કર્યા. આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરિજી વગેરે સાધુ-સાધ્વીજીઓ પણ આવી પહોંચ્યા અને સુંદર રીતે નિર્જામણા કરાવી.

તેઓશ્રીની મનોભાવના પ્રમાણે શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથની પ્રતિમા સન્મુખ મુખારવિંદ રાખીને "અરિહંત અરિહંત" ના નામોચ્ચારપૂર્વક સમાધિભાવે રાત્રિના ૧-૧૫ કલાકે સ્વર્ગસ્થ થયા.

**જેવી સાધુતા તેવું જ ઉત્તમ તીર્થસ્થળ. ખરેખર અનંત પુણ્યનો ઉદય હોય ત્યારે જ આવું પૂનિત મૃત્યુ પ્રાપ્ત થાય.**

**શાન્તમૂર્તિ મુનિરાજશ્રીને અનેકશઃ વંદના**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભાનો શોકદર્શક ઠરાવ

શ્રી જૈન આત્માનંદ સભાની મેનેજીંગ કમિટીની એક મિટીંગ સં. ૨૦૧૫ ના મહા સુદ ૧૨ તા. ૨૦–૨–૫૯ ના શોકદર્શક ઠરાવ અંગે મળી હતી, જે સમયે સ્વર્ગસ્થના જીવનસંબંધી પ્રસંગોચિત વિવેચન કરી નીચે પ્રમાણે ઠરાવ પસાર કર્યો હતો.

**ઠરાવ**

"પૂજ્યપાદ વયોવૃદ્ધ મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજ શ્રીશંખેશ્વર તીર્થમાં સં. ૨૦૧૫ ના મહા સુદી ૮ ના રોજ કાળધર્મ પામ્યાના દુઃખદ સમાચારની આ સભા સખેદ નોંધ લે છે.

જૈન સાહિત્યના સંશોધન અંગે પોતાના શિષ્ય મુનિમહારાજ શ્રી જંબૂવિજયજી મહારાજને તૈયાર કરવામાં અને 'નયચક્ર' જેવા દર્શનશાસ્ત્રના મહાન ગ્રંથના સંપાદનકાર્યમાં તેઓશ્રીએ જે મૂકસેવા બજાવી છે, તે જૈન સાહિત્યના ઇતિહાસમાં નોંધપાત્ર બની રહેશે.

તેઓશ્રીના કાળધર્મથી જૈન સમાજને એક તપસ્વી, સ્પષ્ટ વક્તા, ધર્મ માટે ધગશ ધરાવનારા, ક્રિયાનિષ્ઠ, વ્યવહારકુશળ મુનિમહારાજની ભારે ખોટ પડી છે. આ સભાને તેઓશ્રી પોતાનું અંગ સમજતા હતા, તે રીતે આ સભાને પણ એક આત્મીય ગુરુની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

પૂ. મુનિમહારાજશ્રી જંબૂવિજયજી મહારાજને ખરે વખતે પોતાના ગુરુની પડેલ ખોટ માટે આ સભા પોતાની સમવેદના વ્યક્ત કરે છે અને સ્વર્ગસ્થના પવિત્ર આત્માને ચિરશાંતિ મળે તેમ પ્રાર્થે છે."

# વર્તમાન–સમાચાર

મહાશુદ ૮ના રોજ શંખેશ્વરના તીર્થસ્થાને પ. પૂ. મુનિરાજશ્રી ભુવનવિજયજી સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થતાં બીજે દિવસે તેઓશ્રીની સ્મશાનયાત્રામાં રાધનપુર, હારીજ, સમી, ઝીંઝુવાડા, આદરિયાણા, પંચાસર વિગેરે સ્થળોના ૫૦૦ જેટલા ગૃહસ્થોએ ભાગ લીધો હતો. તેઓશ્રીનો અગ્નિસંસ્કાર ચંદનકાષ્ઠથી કરવામાં આવેલ. દેવવંદનમાં પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી, પં. શ્રી સંપતવિજયજી, પં. શ્રી પ્રેમવિજયજી, પં. શ્રી સુબોધવિજયજી આદિ ૧૨૫ જેટલા સાધુ–સાધ્વીજીઓએ ભાગ લીધો હતો.

મહા સુદ પુનમના રોજ ભારે આંગી રચાવવામાં આવેલ તેમજ ઝીંઝુવાડાના શ્રીસંઘ તરફથી ૫૦૦–૬૦૦ સાધર્મી ભાઇઓનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવેલ, જ્યારે આદરિયાણા શ્રીસંઘ તરફથી પૂજા-પ્રભાવના કરવામાં આવેલ.

મહાવદી ચૌદશના રોજ આ સભાનું ડેપ્યુટેશન શંખેશ્વરમાં મુ. મ. શ્રી જંબૂવિજયજી પાસે ગયું હતું અને અમાસના રોજ પૂજ્ય ગુરુદેવના આત્માના શ્રેયાર્થે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં પંચકલ્યાણકની પૂજા ભણાવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખેદકારક સ્વર્ગવાસ

## ૧. શ્રી નરોત્તમદાસ શામજીભાઇ

મૂળે ભાવનગરના રહેવાસી અને ધંધાર્થે મુંબઈ રહેતા શ્રી નરોત્તમદાસ શામજીભાઇ મહા વદી ૪ને ગુરૂવારના રોજ સાઠ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયેલ છે. તેઓ સ્વભાવે ભદ્રિક, મિલનસાર અને ધર્મ-રૂચિવાળા હતા. આપણી સભાના વર્ષોથી માનવંતા પેટ્રન હતા અને સભાના ઉત્કર્ષમાં સારો રસ ધરાવતા હતા. અમો તેમના આત્માની શાન્તિ પ્રાર્થી તેમના કુટુંબીજનો પ્રત્યે સમવેદના વ્યક્ત કરીએ છીએ.

## ૨. ભાવસાર હેમચંદ ગાંડાલાલ વાંકાણી

મહા વદી ૪ ને ગુરૂવારના રોજ પંચોતેર વર્ષની વૃદ્ધવયે ભાઇશ્રી હેમચંદ ગાંડાલાલ સ્વર્ગસ્થ થયેલ છે. તેઓ ધાર્મિક વૃત્તિવાળા હતા અને વર્ષોથી સભાના આજીવન સભાસદ બન્યા હતા. સભાની ઉજાણી પ્રસંગે તેઓ નિયમિતપણે ભાગ લેતા હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખામી પડી છે. પરમાત્મા તેમના આત્માને પરમશાંતિ અર્પે તેમ ઇચ્છી તેમના આપ્તજનો પ્રત્યે હમદર્દી દર્શાવીએ છીએ

## ૩. શ્રી માણેકચંદ જેચંદ

" જાપાન શેઠ " તરીકે પ્રખ્યાતિ પામેલ શ્રી માણેકચંદભાઇ મહા વદ ૧૪ના રોજ ૬૯ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા છે. તેમણે પોતાની લક્ષ્મીનો અનેક સત્કાર્યોમાં છૂટે હાથે વ્યય કરી સારી નામના પ્રાપ્ત કરી હતી. સ્વભાવે નિરભિમાની અને મિલનસાર હતા. આપણી સભાના તેઓ માનવંતા પેટ્રન હતા અને પુસ્તક-પ્રકાશનમાં પણ સહાય કરતા. તેમના સ્વર્ગવાસથી સભાને ન પૂરી શકાય તેવા સભાસદની ખામી પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંન્તિ ઇચ્છી તેમના કુટુંબીજનો પ્રત્યે દિલસોજી દર્શાવીએ છીએ.

## સ્વ. આ. મેઘસૂરિજી મહારાજ

અમદાવાદમાં લુણાસાવાડાના ઉપાશ્રયે આ. મ. શ્રી મેઘસૂરિજી મહારાજ વિ. સં. ૨૦૧૫ના પોષ વ. અમાસ અને શનિવાર તા. ૭-૨-૧૯૫૯ ના પરોઢીએ, સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. મહારાજશ્રી કેટલાક વખત થયા બિમાર હતા. એમની કાળધર્મ યાત્રા મહા સુદિ એકમના રોજ નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં જૈનોએ હાજરી આપી હતી. અને સવારથી સેંકડો ભાઈ બ્હેનોએ મહારાજશ્રીનાં અંતિમ દર્શનનો લાભ લીધો હતો. જીવદયાની ટીપમાં તેમજ ઉછામણીમાં સારી રકમ ભેગી થઈ હતી.

સ્વ. મહારાજશ્રી આપણા સાહિત્યોદ્ધારક વિદ્વાન પૂ. મુ. મ. શ્રી પુણ્યવિજયજીના મોટા ગુરુ ભાઈ થતા હતા, અને અર્ધી સદી કરતાં પણ વધુ દીર્ઘ સમાનો એમનો નિર્મળ સંયમપર્યાય હતો.

ઉદારતા, સેવાપરાયણતા, સાહિત્યપ્રિયતા, પ્રસન્નતા અને ગંભીરતા વગેરે ગુણોથી મહારાજશ્રીનું જીવન મઘમઘતુ રહેતું. અને એ રીતે એમનું જીવન એમના ગુરુ પૂ. મુ. મ. શ્રી ચતુરવિજયજી મહારાજ અને દાદાગુરુ શ્રી પ્રવર્તક કાંતિવિજયજી મહારાજના ઉત્તમ વારસાને દીપાવે એવું હતું.

કંઇ ને કંઇ વાચન કર્યા કરવું અને ઊછરતી પેઢીને ભણાવવું કે ભણવાની પ્રેરણા કર્યા કરવી અને સૌની સાથે સ્નેહ અને મમતાભર્યું વર્તન દાખવવું એ મહારાજશ્રીનો રોજનો આનંદવ્યવસાય હતો. ઉદાસીનતા તો એમને સ્પર્શતી જ નહીં.

સિત્તોર વર્ષની ઉંમરે જૂનું કલેવર તજીને ઉત્તમ ગતિ તરફ પ્રયાણ કરનાર મહારાજશ્રીને ભાવપૂર્વક અનેકશઃ વંદના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# ચિંતન અને મનન

અડાઈખોર ભાગ્યે જ વફાદાર હોય છે અને વાતોડિયો ભાગ્યે જં પ્રમાણિક હોય છે. —ચીની કહેવત

એક જણે મને પૂછ્યું તું કોણુ છે?' ત્યારે જીવનમાં પહેલી જ વાર હું નિરુત્તર બની ગયો. —ખલીલ જિબ્રાન

વૃદ્ધત્વ એક સિદ્ધિ છે-એક સામાજિક સંપત્તિ છે. કલ્પના કરી લ્યો, કે જગતના વૃદ્ધોને જો કોઇ દ્વીપમાં દેશનિકાલ કરી દેવામાં આવે તો ફુટબોલના ખેલાડીઓ સિવાય દુનિયામાં બીજું શું બાકી રહેશે? —બર્નાર્ડ શો

જ્યાં જ્યાં તેજ જોવામાં આવે છે ત્યાં ત્યાં તણુખો જરૂર હોય છે. —જી. કે. ચેસ્ટર ટન

જો શેખીખોર માણુસોમાં થોડુંક પણુ આત્મગૌરવનું તત્ત્વ હોય તો તે સૌથી નમ્ર બની જાય. —ગોથે

જે માણુસ સાચું જ બોલે છે તેની સચ્ચાઇ મોડી કે વહેલી અવશ્ય જણાઇ આવે છે. —ઓસ્કર વાઇલ્ડ

આનંદની પ્રત્યેક પળને માણી લ્યો! કારણુ કે આનંદની પળો આખી જિંદગી ટકી રહેતી નથી. —ચેસ્ટર ફીલ્ડ

દુઃખગ્રસ્ત માણુસ માટે આશા સિવાય બીજી કોઈ દવા નથી. —શેકસપીયર

શ્રીમંતો જ્યારે ગરીબોનો વિચાર કરવા એકત્ર થાય છે ત્યારે તે સખાવત કહેવાય છે અને ગરીબો જ્યારે શ્રીમંતોનો વિચાર કરવા એકઠા થાય છે ત્યારે તે અરાજકતા કહેવાય છે. —પી. રિચાર્ડ

કુદરતે માણુસને કાન બે અને જીભ એક આપી છે. તેમાં એનો ઊંડો આશય એ છે કે તેણે બોલવું થોડું અને સાંભળવું ઘણું. —પ્લુટાર્ક

દુઃખ વગર કોઈ શરૂઆત નથી તેમ કોઇ અંત પણુ નથી. આપણે બીજાના દુઃખ સાથે જન્મ લઇએ છીએ અને પોતાના દુઃખ સાથે મરણુ પામીએ છીએ. —એફ. થોમ્પસન

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રી. પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only